# ૭૩માં એક કોણ ?

:: રજૂકર્તા ::


મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી

**મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**

(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)


:: અનુવાદક ::


**પટેલ શબ્બીર અલી રઝવી**

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૧૮૦ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦
૧૦–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૨ જાન્યુઆરી–૨૦૧૧

**નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧**


## અનુક્રમણિકા


❊ **પ્રકાશકના બે બોલ.........** 03
[પટેલ શબ્બીર અલી રઝવી, –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]

❊ તોત્તેરમાં એક કોણ ? 08

❊ મશ્હૂર મશ્હૂર ફિર્કા કયા છે ? 09

❊ "અહલે સુન્નત વ જમાઅત" નામ હદીષથી છે 11

❊ અહલે સુન્નતની ઓળખ શું ?! 13

❊ સુન્નીઓના અકીદા શું છે ? 17


❊ વહાબી દેવબંદીઓના અકીદા 19

❊ આવા પણ વહાબીઓના અકીદા છે ! 20

❊ રસૂલનો મર્તબો કુર્આનની રોશનીમાં 23

❊ વહાબી અકીદાનું પરીક્ષણ હદીષની રોશનીમાં 24

# પ્રકાશકના બે બોલ.....



نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

## ઈમાનની સાચવણી બાબતે ગંભીર બનો !

વર્તમાનકાળમાં ઈમાનની હક઼ીક઼તને સમજવા બાબતે ઘણા લોકો પરવા કરતા નથી, આ બાબતે ગંભીરતાથી વિચારવાની કાળજી લેતા નથી. જ્યારે કે **''ઈમાન'' વિના જે મૃત્યુ પામશે તે હમેશાંની જહન્નમમાં જશે.** એક મુસલમાનનું આ બાબતે યક઼ીન હોય છે કે નજાતનો આધાર ઈમાન પર જ છે. ઈમાન પાયો છે અને અમલ તેના પરની બિલ્ડિંગ છે, જો પાયો જ નહીં હોય તો બિલ્ડિંગનું ટકવું શક્ય નથી, માટે દરેકે પોતાના પોતાની ઔલાદના ઈમાનની ખાસ ફિકર કરવી જોઈએ. પોતાની તથા ઔલાદની લાઈફ બનાવવાની તથા કેરીયર બનાવવાની ફિકર જરૂર કરવામાં આવે છે પણ દરેક બુદ્ધિશાળીએ સમજવું જોઈએ કે આખેરતની લાઈફની ફિકર એથીય અતિ અધિક કરવી જોઈએ.

જે હદીષની ધરી પર  આ આ કિતાબ રચાઈ છે તે હદીષ શરીફમાં છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે, **''મારી**





**ઉમ્મત તોત્તેર ફ઼િર્ક઼ાઓમાં વહેંચાઈ જશે, સૌ જહન્નમમાં જશે સિવાય એકના.''**

તો નિશ્ચિત થઈ ગયું કે **કલમો પઢનારા, નમાઝો પઢનારા, રોઝા રાખનારા, હજ કરનારા, દાઢીઓ રાખનારા, ઈસ્લામી પર્દો કરનારા-કરનારીઓ, ઈસ્લામી અમલો પર ચાલનારા ઘણા હશે, મુસલમાનીનો દાવો કરનારા ઘણા હશે પણ એમાંના સૌ જન્નતી નથી હોઈ શકતા, એમાં પણ હમેશાંના જહન્નમી ઘણા હશે !** (અલ્લાહની પનાહ !)

વર્તમાન સમયે દુનિયાની પાછળ આંધળી દોટમાં ભૌતિક સુખો પામવાની કે માલ દૌલત પામવાની હરિફાઈમાં એવું જોવામાં આવી રહ્યું છે કે લોકો પાસે દીન શીખવા સમજવાનો જાણે કે સમય રહ્યો જ નથી ! ઘણા લોકો પાસે ટોળે ટપ્પે બેસી દુનિયાભરની ફિકર ચિંતાની ચર્ચાઓનો, ટીવી પર અવનવા ખેલો, ડાન્સો, સિરીયલોની મજા માણવાનો તેમજ અવનવાં મનોરંજન માણવાનો સમય છે, સમય નથી તો કેવળ પોતાની જ આખેરતની, પોતાના જ અંજામની ચિંતાનો ! જેથી પબ્લિકને તદ્દન સરળ અંદાઝમાં આ નાનકડી પુસ્તિકા થકી હક્ક઼ પર કોણ છે ? નજાત પામનાર લોકો કોણ છે ? કેવા અક઼ીદાવાળા જન્નતમાં જશે અને કેવા અક઼ીદાવાળા જહન્નમાં જશે, એને કુર્આન હદીષની રૂએ સમજાવવા માટે આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી છે.

પ્રસ્તુત કિતાબમાં કુર્આની આયત તેમ જ સહીહ હદીષો થકી નબી صلی اللہ علیہ وسلمના અક઼ીદા, સહાબાએ કિરામના અક઼ીદા શું હતા તે રજૂ કરવામાં આવ્યા છે, **તમો પણ જોઈ લો કે તમારા અક઼ીદા પણ નબી પાક صلی اللہ علیہ وسلمના અક઼ીદા જેવા છે કે નહીં? સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَના જેવા**

**અક઼ીદા છે કે નહીં ?!**

કેમ કે નબીપાક એ એ સ્પષ્ટ કરી આપ્યું છે કે, **જન્નતી ફિર્ક઼ાવાળા તેઓ છે જેના પર હું તથા મારા સહાબીઓ છે, અને તે ''અહલે સુન્નત વ જમાઅત'' છે.**

જો ખુદા ન ખ્વાસ્તા તમારા અક઼ીદા નબી પાક صلی اللہ علیہ وسلم તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَના અક઼ીદાથી વિરૂધ્ધ છે તો જાતે જ **વિચારી લો કે તમે દેખતી આંખોએ ક઼ાયમની જહન્નમમાં કૂદી રહ્યા છો કે નહીં !!** હે લોકો ! હજી પણ સમય છે, જિંદગી બાકી છે માટે જો ગલત રાહ પર હોઉ તો આજથી જ તૌબા કરી **''અહલે સુન્નત વ જમાઅત''** પર મજબૂતીથી જામી જાવ.

પ્રસ્તુત કિતાબમાં ''અહલે સુન્નત વ જમાઅત''ના જૂઠા દાવેદારોને પણ નગ્ન કરી નાખવામાં આવ્યા છે, અને ''અહલે સુન્નત વ જમાઅત''ના અક઼ીદા શું છે ? તે પણ સહીહ હદીષો થકી ખૂબ જ સ્પષ્ટ કરી આપ્યું છે. જેથી **પોતાને સુન્ની કે અહલે સુન્નત કહેનારા દેવબંદી વહાબીઓના અસલ ચહેરાને પણ ઓળખી લો અને તેમનાથી ઉઠક, બેઠક, સગાઈ સંબંધ, શાદી વહેવાર ખત્મ કરીને પોતાના તથા તમારી ભાવિ પેઢીઓના ઈમાનની પણ રક્ષાનો સામાન કરી લો. જો એવું નહીં કરો અને તેમનાથી ઉઠક, બેઠક, દોસ્તી, સગાઈ, શાદી વહેવાર કરશો તો જાણી લો કે અવશ્ય જહન્નમનો અઝાબ તમારી રાહ જોઈ રહ્યો છે.**

તા. ૧૭–૧–૨૦૧૦ (૧૨ સફર, હિ.સ. ૧૪૩૧) મંગળવારે તેહરીકે **''સુન્ની દા'વતે ઈસ્લામી''**ના હેઠળ મુંબઈમાં યોજાયેલ ''જલ્સાએ દઅવતો ઈર્શાદ'' બનામે ''તોત્તેરમાં એક





કોણ ?''માં મોહક્કિ઼કે઼ મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ ક઼િબ્લાએ મઝકૂર વિષય હેઠળ સવા કલાક અતિશય આલિમાના તથા મોહક્કિ઼ક઼ાના બયાન કર્યું જે અહીં હિદાયતના તાલિબોની સેવામાં રજૂ કરીએ છીએ, જે અહલે સુન્નત અવામના ઈમાનને મજબૂત કરશે અને જેઓ અજાણતામાં ગલત ફિર્ક઼ા પાછળ દોરાતા હશે તેમના માટે પણ હિદાયતનો સબબ બનશે. ઈન્શાઅલ્લાહ !

**''બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા''**માં હપ્તાવાર ત્રણ મહિના આ બયાન પ્રસિધ્ધ થયું હતું. અધિક લોકો એનાથી ફાયદો ઉઠાવી શકે એ આશયે અત્રે કિતાબ રૂપે એને પ્રસિધ્ધ કરીએ છીએ.

બસ ! અલ્લાહ અમારા ભોળાભાળા ભાઈઓ બહેનોને જેઓ સૌ ફિર્ક઼ાવાળા સાથે મેલજોલ, શાદી વહેવાર, દોસ્તી, ઉઠક બેઠક રાખે છે તેમને તેમનાથી દૂર થવાની, સંબંધો કટ કરવા વિશેની સાચી સમજ આપે અને નેક હિદાયત આપે અને સૌને ઈમાન પર, અહલે સુન્નત  વ જમાઅત પર મજબૂત તથા અડગતાથી રાખે અને સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે.

**آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم**

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તારીખ : ૨૯/૧૨/૨૦૧૦, બુધવાર, ૨૨ મુહર્રમ હિ.સ. ૧૪૩૨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ     اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

હઝરાત ઉલમાએ કિરામ ! મિમ્બરે અક઼દસ પર જલ્વા ફર્મા સદરે ઈજલાસ અને સર્વ હાજરજનો અહલે સુન્નત વ જમાઅત ! અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ.

**نحمده ونصلی علیٰ رسوله الكريم، اما بعد ! عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍ و قَالَ : قَالَ رَسُولُ اللَّهِ ۔ صلى الله عليه وسلم ۔ : إِنَّ بَنِی إِسْرَا ئِيلَ تَفَرَّقَتْ عَلَى ثِنْتَيْنِ وَسَبْعِينَ مِلَّةً وَتَفْتَرِقُ أُمَّتِی عَلَى ثَلَاثٍ وَسَبْعِينَ مِلَّةً، كُلُّهُمْ فِی النَّارِ إِلَّا مِلَّةً وَاحِدَةً، قَالُوا : وَمَنْ هِیَ ؟ يَارَسُولَ اللَّهِ ! قَالَ : مَا أَنَا عَلَيْهِ وَأَصْحَابِی۔**

**رواه التر مذی وفی رواية احمد وابی داؤد عن معاوية : ثِنْتَانِ وَسَبْعُونَ فِی النَّارِ وَوَاحِدَةٌ فِی الْجَنَّةِ وَهِیَ الْجَمَاعَةُ۔ صدق رسول الله صلى الله على وسلم۔**

એ પહેલાં કે આપણે આપણી ચર્ચાનો આરંભ કરીએ, આવો સૌ પ્રથમ હુઝૂર સૈયદે આલમ, તાજદારે બની આદમ વ આદમ, નબીએ ઉમ્મી, ફિદાહે અબી વ ઉમ્મી જનાબ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺની બારગાહે બેકસ પનાહમાં બુલંદ અવાજથી દુરૂદે પાકનો હદિયો પેશ કરો.





**اللهم صلی علیٰ سيدنا ومولان محمد مدن الجود والكرم وآله واصحابه وبارك وسلم صلاة وسلاماً عليك يا حبيبی يا رسول الله !**

## ★ તોંતેરમાં એક કોણ ? ★

એનો જવાબ ખૂદ એ જ હદીષે પાકમાં મૌજૂદ છે જે હદીષને સામે રાખીને આ સવાલ પેદા થયો છે. ફિર્ક઼ાઓ તો ઘણા છે પરંતુ મોટાભાગના ફિર્ક઼ા એવા છે કે જેના માટે આજ કાલના મશહૂર ફિર્ક઼ાઓની પણ એકમતિ છે કે તે ફિર્ક઼ા નજાત પામનારા (નાજી) નથી બલ્કે નારી (જહન્નમી) ફિર્ક઼ા છે. તો જેમના નારી તથા જહન્નમી હોવા પર સૌની એકમતિ છે હું તેનો અહીં હાલમાં કોઈ ઉલ્લેખ કરતો નથી, પરંતુ ત્રણ ચાર જે મશહૂર ફિર્ક઼ા છે તેનું અમે નામ લઈશું, એટલા માટે નહીં કે અમે તેમના દિલને રંજ પહોંચાડવા ચાહીએ છીએ અને એટલા માટે પણ નહીં કે તેમની રદ કરવા ચાહીએ છીએ, બલ્કે એટલા માટે કે સવાલનો જવાબ આપવા માટે એ ફિર્ક઼ાઓનું નામ લેવું ગમે તે રીતે અનિવાર્ય બને છે. અને એટલા માટે પણ કે જો એ ફિર્ક઼ાના લોકો પણ દૂર તથા નજીક ક્યાંકથી સાંભળી રહ્યા હોય તો અમે હુઝૂર સૈયદે આલમ ﷺની હદીષોની રોશનીમાં તેમને પણ સમજાવવા ચાહીએ છીએ. જ્યાં સુધી જીવન છે અને દમમાં દમ છે ત્યાં સુધી અમે કોશિશ કરીશું કે એ ભટકેલા લોકોને પણ હદીષો સંભળાવી સંભળાવીને સુન્નતે નબવિય્યહ્‌ની નજીક લાવીએ અને સિરાતે મુસ્તક઼ીમ પર ચલાવવાની કોશિશ કરીએ. ન કોઈના દિલને ઠેસ પહોંચાડીશું ન અહીં કોઈના પર લા'નત મલામત થશે, કેમ કે અમે એક મુબલ્લિગની હૈસિયતથી આપની સમક્ષ આવ્યા છીએ. અમારું કામ છે અલ્લાહ તઆલા અને તેના પ્યારા હબીબ ﷺનો

પયગામ સૌના સુધી પહોંચાડી આપવો. ઈર્શાદે રસૂલ છે : بَلِّغُوا عَنِّي وَلَوْ اٰيَةً "મારા તરફથી પહોંચાડી આપો ભલે એક જ આયત હોય." અમે કોશિશ કરીશું કે સરળ શબ્દોમાં ખૂબ જ આસાન વાતો રજૂ કરીએ જેથી દરેક શખ્સ તેને સમજી શકે અને કાલે કયામતના દિવસે એવું કોઈ બહાનુ ન કરી શકે કે મુબલ્લિગોએ અમારા સુધી અલ્લાહ વ રસૂલનો પયગામ પહોંચાડયો જ નથી, એટલે અમે ભટકી ગયા.

સારું ! તમે લોકો અમને સવાલ જ કરશો કે પછી અમારા પણ સવાલનો જવાબ આપશો ? અત્યાર સુધી દરેક મજમામાં તો એ જ થતુ રહ્યું છે કે આપ લોકો સવાલ કરતા હતા અને હું જવાબ આપતો હતો, પરંતુ જરૂરત પડશે તો આજે હું પણ તમને સવાલો કરીશ !

## ★ મશ્હૂર મશ્હૂર ફિર્કા કયા છે ? ★

પ્રથમ ફિર્કો જે અત્યારે મશ્હૂર છે તે "વહાબી" ફિર્કો છે. અમે તેમને વહાબી કહીએ છીએ પણ તેઓ પોતે પોતાને "અહલે હદીષ" તથા "ગૈર મુકલ્લિદ" કહે છે. "અહલે હદીષ" હદીષની જાણકારી પ્રતિ નિસ્બત કરીને નહીં, બલ્કે એક ફિર્કાની હૈસિયતથી. કાદયાની ખૂબ મશ્હૂર છે જેમનો અકીદો એ છે કે, "હુઝૂર ﷺ પછી નવો નબી આવી શકે છે અને અલ્લાહ તઆલાએ ગુલામ અહમદને કાદયાનમાં પોતાનો નબી બનાવીને મોકલ્યો." તે લોકો પોતાને "અહમદી" કહે છે ગુલામ અહમદ કાદયાની પ્રતિ નિસ્બત કરીને અને આપણે તેમને કાદયાની કહીએ છીએ. એક ફિર્કો ચકળાલ્વીઓનો છે એટલે હદીષના મુન્કિરોનો. એ લોકો કહે છે કે આપણા માટે કુર્આન અલ્લાહની કિતાબ પૂરતી





છે તો હદીષની શું જરૂરત ? રસૂલે પાક ﷺની હદીષ આપણા માટે હુજ્જત (દલીલ) નથી. અમે એમનું નામ રાખીએ છીએ "મુન્કિરે હદીષ" કેમ કે એઓ હદીષે રસૂલ હુજ્જત હોવાનું માનતા નથી. હદીષે રસૂલને એ લોકો નથી માનતા પણ એ લોકો પોતાનું નામ રાખે છે અહલે કુર્આન. એક ફિર્કો છે દેવબંદી, એ લોકો પણ પોતાની નિસ્બત એ પ્રમાણે કરે છે અને આપણે તેમને દેવબંદી કહીએ છીએ, તેઓ પણ પોતે પોતાને દેવબંદી સમજે તથા કહે છે. અને કદી કદી લોકોને બેહકાવવા માટે જ્યાં જેવો મોકો જોયો એ લેહાઝથી તે પોતાને કાંઈ ઓર પણ બતાવી આપે છે, ક્યાંક પોતાને કાસમી કહે આપે છે ક્યાંક (અશ્રરફ અલી થાનવીની નિસ્બતથી) અશરફી કહી આપે છે, ક્યાંક રશીદી તથા ઈમદાદી પણ કહી આપે છે. આ અલગ અલગ તેમનાં નામો છે, લિબાસ છે અને અસલમાં તે દેવબંદી છે. દેવબંદી એટલા માટે કહેવામાં આવે છે કે દેવબંદના કેટલાક ઉલમા છે જેમના બાતિલ અકીદાઓને એ લોકો માને છે એ લેહાઝથી તેઓ "દેવબંદી" છે. તો આ પ્રમાણે આ અમુક મશ્હૂર ફિર્કા થયા. વહાબી કે અહલે હદીષ તથા કાદયાની કે અહમદી, ચકળાલ્વી કે મુન્કિરીને હદીષ કે અહલે કુર્આન તથા દેવબંદી ફિર્કો. ફિર્કાની હૈસિયતથી આ ચારેવ ફિર્કા ખૂબ જ મશ્હૂર છે. એક ફિર્કો અન્ય છે જે ફિર્કાની હૈસિયતથી મશ્હૂર છે તે છે અહલે સુન્નત વ જમાઅત, તે કોણ છે ? તે આપણે સૌ છીએ. ! الحمد لله

આ એક સંક્ષિપ્ત પ્રસ્તાવના થઈ. આ પ્રસ્તાવનાને દિમાગમાં રાખીને હવે તમો એ હદીષે પાકનો તર્જુમો સાંભળો જેની રોશનીમાં આ સવાલ (તોત્તેરમાં એક કોણ ?) ઉઠાવવામાં આવે છે.

## ★ "અહલે સુન્નત વ જમાઅત" નામ હદીષથી છે ★

રસૂલે પાક صلی اللہ علیہ وسلمના સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે. તેમનું બયાન છે કે અલ્લાહ તઆલાના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, "બેશક ! બની ઈસ્રાઈલ બોત્તેર મઝહબોમાં, બોત્તેર ફિર્કાઓમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત તોત્તેર (૭૩) ફિર્કાઓમાં વહેંચાઈ જશે. **كلهم فى النار** "સર્વ ફિર્કા જહન્નમી છે એક ફિર્કા સિવાય" તો એ પ્રસંગે સહાબાએ કિરામે અર્ઝ કરી હતી : **من هى يارسول الله ؟** **"યા રસૂલલ્લાહ ! એ તોત્તેરમાં એક કોણ છે ?"** તો જરા આવો ! પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمનો પ્યારો જવાબ સાંભળો ! ફર્માવે છે : **ما انا عليه واصحابى** **"જે મઝહબ પર હું છું અને મારા સહાબા છે."** હુઝૂર صلی اللہ علیہ وسلم જે મઝહબ પર છે એ કયો મઝહબ છે ? મઝહબે સુન્નત છે. હુઝૂરની સુન્નત જ હુઝૂરનો મઝહબ છે. અને સહાબાઓનો શો મઝહબ છે ? જે હુઝૂરની સુન્નત છે એ જ સહાબાનો પણ મઝહબ છે : **ما انا عليه واصحابى** "જે મઝહબ પર હું છું અને મારા સહાબા છે." હુઝૂર પણ પોતાની સુન્નત પર છે અને સહાબા પણ હુઝૂર صلی اللہ علیہ وسلمની સુન્નત પર છે, એટલા માટે **ما انا عليه واصحابى**નો મતલબ શું થયો ? "અહલે સુન્નત". આ હદીષ ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી છે.

મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ તથા સુનને અબૂ દાઊદની રિવાયત હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہથી આ શબ્દોમાં છે કે સરકાર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "બોત્તેર ફિર્કા જહન્નમી છે અને એક જ ફિર્કો જન્નતી છે." સહાબાએ પૂછયું કે એ જન્નતી ફિર્કો કયો છે ? તો હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **هى الجماعة** "તે





જમાઅત છે." જેથી "સુન્નત" તથા "જમાઅત" બંનેવને મિલાવીને એ જ જમાનામાં એ ફિર્કાનું નામ પડી ગયું હતું "અહલે સુન્નત વ જમાઅત". કોઈ વિચારશે કે આ તો તમે મતલબ કાઢી લીધો, **ما انا عليه واصحابى**થી તથા **هى الجماعة**થી ! તો હું કહીશ કે હા ! એ ઠીક છે, આ સહીહ હદીષથી આ મતલબ યકીની તૌર પર સાબિત થાય છે, અને સમર્થનના રૂપે અમે એક હદીષ શરીફ અન્ય રજૂ કરીએ છીએ.

તકમિલા બહર્રુરાઈકમાં છે : સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અહલે સુન્નત વ જમાઅત કોણ છે ? તો સરકાર صلی اللہ علیہ وسلمએ એના જેવો જ જવાબ આપ્યો. જેથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ આ હદીષે પાકથી પોતાનો મઝહબ "અહલે સુન્નત વ જમાઅત" સમજ્યો. અને એટલા માટે તેમણે પૂછયું કે યા રસૂલલ્લાહ ! "અહલે સુન્નત વ જમાઅત" કોણ છે ? અથવા સુન્નત વ જમાઅત પર કોણ છે ? તો એના મુનાસિબ જવાબ સરકાર صلی اللہ علیہ وسلمએ અતા ફર્માવ્યો.

ઘણા જ મશ્હૂર તાબઈ ઈમામ ઈબ્ને સીરીં رضی اللہ عنہ છે. સહીહ મુસ્લિમ શરીફ–કિતાબુલ ઈમાનમાં તેમની એક હદીષ છે જેમાં એ સ્પષ્ટતા છે કે આ હદીષ દીન છે, તો તમે લોકો એના પર નજર કરી લો કે કોની પાસેથી દીન હાંસલ કરી રહ્યા છો, તે અહલે સુન્નત વ જમાઅત છે કે નહીં ? જો અહલે સુન્નત વ જમાઅતથી છે તો એનાથી દીનનો ઈલ્મ હાંસલ કરો, અને અહલે સુન્નત વ જમાઅતથી નથી તો તેને છોડી આપો. *(સહીહ મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૧)*

જેથી આ નામ સરકાર صلی اللہ علیہ وسلمથી સાબિત છે. હદીષમાં "અહલે

સુન્નત વ જમાઅત''નો શબ્દ આવ્યો છે. અને સહીહ મુસ્લિમ શરીફ એ કિતાબ છે જેની દલીલને પાત્ર હોવા પર વહાબી પણ સહમતિ ધરાવે છે. અને આપણે પણ સહમતિ ધરાવીએ છીએ. તો હુઝૂર સૈયદે આલમ ﷺએ એ વખતે સહાબાના જવાબમાં દર્શાવી આપ્યું હતું કે, ''તોત્તરમાં એક કોણ છે ? અહલે સુન્નત વ જમાઅત'' તો જે સવાલ છે એનો જવાબ ખૂદ હદીષે રસૂલુલ્લાહ ﷺમાં મૌજૂદ છે.

## ★ અહલે સુન્નતની ઓળખ શું ?! ★

થોડીવારના માટે એ ગલતફહમી કોઈ પેદા કરી શકે છે અને કહી શકે છે કે તેઓ પણ અહલે સુન્નત છે ! દા.ત. જ્યારે દેવબંદી ગૃપના લોકોએ જોયું કે આ તો હદીષ શરીફથી સાબિત થઈ જાય છે, અહલે સુન્નત વ જમાઅત. તો તેઓ પણ પોતાના અમુક ઉલમાને ''ઈમામે અહલે સુન્નત'' કહેવા લાગ્યા ! તો એના કારણે શંકા પેદા થઈ ગઈ, તો એ શંકાને દૂર કરવાના માટે પણ કાંઈક સમજાવવાની જરૂરત છે. વહાબીઓએ તો પોતાનો મામલો બિલકુલ સાફ કરી લીધો કે તેઓ ''અહલે સુન્નત વ જમાઅત''થી નથી, કેમ કે તેઓ પોતે પોતાને ''અહલે હદીષ'' કહે છે. કાદયાનીઓએ પણ પોતાનો ફેંસલો સાફ કરી લીધો કે તે ''કાદયાની'' છે અથવા ''અહમદી'' છે, અહલે સુન્નત નથી. ચકળાલ્વીઓએ પણ પોતાનો ફેંસલો કરી લીધો કે તેઓ ''અહલે કુર્આન''થી છે અહલે સુન્નતથી નથી. અને દેવબંદીઓએ પણ એક હદ સુધી પોતાનો ફેંસલો કરી લીધો છે કે પોતાને દેવબંદની પ્રતિ સંબંધિત કરી લીધા. પણ કદી કદી એ લોકો પોતે પોતાને ''અહલે સુન્નત'' કહે છે, એટલા માટે સમજાવવાની જરૂરત પડી. અને સાથોસાથ એની શંકા છે કે આ વહાબી લોકો કહે કે હવે





અમારું નામ વહાબી રહેશે નહીં, હવે અમારું નામ અહલે હદીષ નહીં રહે, અમારું પણ નામ ''અહલે સુન્નત વ જમાઅત'' રહેશે. ત્યારે તો પછી પરેશાની થઈ જશે ને ! અને કાદયાની પણ કહેવા લાગશે કે અમારું નામ કાદયાની અથવા અહમદી રહેશે નહીં, બલ્કે અહલે સુન્નત વ જમાઅત રહેશે. પરંતુ એવું એ લોકો કહી શક્શે નહીં, કેમ કે મુસ્તફા ﷺનો ઈક્તેદાર એમને એવું કરવા નહીં દે. તેમ છતાં એ શંકા દૂર કરવી જરૂરી છે.

જરૂરત છે કે દલીલોની રોશનીમાં અમે તમને સમજાવી દઈએ કે તે મઝહબ કયો છે જેના પર હુઝૂર ﷺ છે અને હુઝૂર ﷺના સહાબા છે. તો એના માટે અમે અમારો પણ અકીદો વર્ણન કરીશું અને કાંઈક તેમનો પણ અકીદો વર્ણવીશું અને એની રોશનીમાં પછી વિચારણા કરવામાં આવશે કે શું હુઝૂર ﷺ તથા સહાબાનો આ અકીદો હતો કે નહીં ? તમારું ઈમાન જેના બારામાં ગવાહી આપે કે આ અકીદો સહાબાનો ન હતો, આ અકીદો હુઝૂર ﷺનો ન હતો તો તમે યકીન માનો કે તે ૭૨ (બોત્તેર) લોકોમાંથી છે, અને જેના બારામાં તમારું ઈમાન ગવાહી આપે કે આ જ અકીદો હુઝૂર ﷺનો છે અને આ જ અકીદો સહાબાએ કિરામનો છે, તો તમે સમજી લો કે તે જ હક્ક પર છે અને એ જ અહલે સુન્નત વ જમાઅત છે. એના સિવાય મારે કાંઈ કહેવું નથી કે **વહાબી** પણ **કહે છે** કે હુઝૂર ﷺના માટે **ગયબનો ઈલ્મ માનવું શિર્ક** છે અને **દેવબંદી પણ કહે છે** કે હુઝૂર ﷺના માટે ગયબનો ઈલ્મ માનવો શિર્ક છે. તો હવે અમે કહીએ છીએ કે આ જ હદીષે પાકની રોશનીમાં કે બતાવો કે જે વખતે હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે ૭૩ ફિર્કા મારી ઉમ્મતમાં થશે, એક ફિર્કો જેમાં હું તથા મારા સહાબા છે તે જન્નતી છે અને

બાકીના ૭૨ ફિર્કા જહન્નમી છે, એ વખતે ૭૨ ફિર્કા હતા ? હરગિઝ નહીં ! તે વખતે તો કેવળ એક જ ફિર્કો હતો, **ما انا عليه واصحابى** એહલે સુન્નત વ જમાઅત, બાકી ફિર્કા તો ઘણા બાદમાં પેદા થયા, પણ સરકાર ﷺએ તેમના જાહેર થવાની ખબર આપીને બતાવો કે ગયબની ખબર આપી કે નહીં ?! **વહાબીઓથી પૂછો કે આ ગયબની ખબર છે કે નહીં?** કાદયાનીઓને પૂછો કે આ ગયબની ખબર છે કે નથી ? અને ચકળાલ્વીઓને પૂછો કે આ ગયબની ખબર છે કે નથી ? જો તેઓ એવું કહે છે કે આ ગયબની ખબર છે અને એ તમામ ફિર્કા દુનિયામાં જાહેરમાં થઈ ચૂક્યા છે. તો હવે કહો કે હુઝૂર ﷺએ ગયબની ખબર આપીને કઈ વાતની તરફ નિર્દેશ કર્યો ? શું સમજાવ્યું ?! જેની પાસે સમજ છે તે સ્વીકાર કરી લેશે કે હદીષ એવું સૂચવી રહી છે કે **જે હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનશે તે અહલે સુન્નત વ જમાઅત છે, તે હક્ક પર છે અને જે હુઝૂર ﷺના ગયબદાનીનો ઈન્કાર કરશે, હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનવાને શિર્ક કહેશે તે બાતિલ પર છે, નાહક્ક પર છે, ભલે પોતાનું નામ ગમે તે રાખે.** હદીષ તેઓ પણ પઢે છે પણ સમજતા નથી ! આ જ હદીષ બતાવી રહી છે કે હુઝૂર ﷺ ગયબ જાણનાર નબી છે, તો બતાવો ! સરકાર ﷺએ ગયબની ખબર આપીને શિર્ક કર્યું ? (મઆઝલ્લાહ !) સારું ! સહાબાએ કિરામે આ હદીષને માની કે નહીં ?! શું તેમણે શિર્ક કર્યું ? સારું ! સહાબાની વાત છોડો સાહબ ! આ દેવબંદીઓથી, આ વહાબીઓથી જેઓ આજ કાલના લોકો છે તેમને પૂછો કે સરકાર ﷺએ ગયબની ખબર આપીને શિર્ક કર્યું ? (મઆઝલ્લાહ !) બલ્કે એ લોકો ખૂદ જ પોતાના દિલમાં





વિચાર કરે કે સરકાર ﷺએ જે ગયબની ખબર આપી છે એ સહીહ આપી છે કે ગલત આપી છે ? જો કહો કે ગલત છે તો તમે હુઝૂર ﷺને ગલત કહ્યા ! અને હુઝૂર ﷺને ગલત કહેનાર મુસલમાન નથી, તે બાતિલ છે. અને જો કહો કે સરકાર ﷺએ સાચુ કહ્યું, તો હે વહાબી જમાઅતમાં શરીક રહેનારા ભલાભોળા અવામી ભાઈઓ ! તથા દેવબંદી મઝહબમાં સામેલ રહેનાર ભોલાભાળા અવામી બંધુઓ ! તમારા પેશવાઓએ ગલત કહ્યું કે હુઝૂર ﷺના માટે ઈલ્મે ગયબ માનવું શિર્ક છે, તેઓ પણ માને છે કે ઈલ્મે ગયબ છે, તેઓ પણ માને છે કે એવું થયું.

આ છે અમારો અકીદો કે સરકાર ﷺ ગયબ જાણનાર નબી છે અને હુઝૂર ﷺની ગયબદાની ખૂદ આ જ હદીષે પાકમાં છે.

તેમજ મુસ્લિમ શરીફની હદીષ છે : "એક સહાબીએ રસૂલ હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા. અર્ઝ કરી : "મને આપ એવો અમલ બતાવો કે જો તે કામ હું કરું તો જન્નતમાં ચાલ્યો જાઉં. એટલે કે જન્નતનો હક્કદાર થઈ જાઉં. તો સરકાર ﷺએ ફર્માવ્યું, નમાઝ પઢો, ઝકાત આપો, રોઝા રાખો. એ સમય સુધી આ જ ત્રણ એહકામ આવ્યા હતા. તો સહાબી ઉઠયા અને એવું કહીને ચાલ્યા કે ખુદાની કસમ ! મારા તરફથી આ હુકમોમાં ન કોઈ વધારો કરીશ અને ન કોઈ ઘટાડો કરીશ. એટલે અલ્લાહનો હુકમ અધિક આવશે તો અધિક માનીશ, પણ પોતાના તરફથી આ ફર્ઝોમાં કાંઈ વધારો ઘટાડો કરીશ નહીં. જ્યારે આવું કહીને નીકળે છે, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : **"જેને એ વાતથી ખુશી થાય કે કોઈ જન્નતી માણસને જુએ તો આ સહાબીને જુએ."** *(મુસ્લિમ શરીફ, ૧/૪૪)*

ઈમામ નવવી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, એમાં સરકાર ﷺના માટે કેટલીયે ગયબદાનીની સાબિતી છે. સરકાર ﷺએ એવું બતાવીને એ વાતની ખબર આપી દીધી કે આ સહાબીએ જે વાયદો કર્યો છે તેને પૂરો કરશે, અને તેમનો ખાત્મો (મૌત) ઈમાન પર થશે, એટલા માટે એ જન્નતમાં જશે. વાયદો પૂરો કરશે, બતાવેલા હુકમો પર અમલ કરશે એ ગયબના ઈલ્મની (ગયબદાનીની) **પ્રથમ** સાબિતી છે. અને તેમનો ખાત્મો ઈમાન પર થશે, કેમ કે જેનો ખાત્મો ઈમાન પર થશે નહીં તે જન્નતમાં કદી નહીં જાય, એ **બીજી** ગયબદાનીની સાબિત છે. અને એ જન્નતમાં જશે **ત્રીજી** ગયબની સાબિતી થઈ ગઈ. આ સંક્ષિપ્ત શબ્દોમાં આપણા આક઼ા ﷺએ એક નહીં પણ ત્રણ ત્રણ ગયબની ખબરો આપી છે, તો આ શિર્ક છે ? સર્વ સહાબીઓએ માની લીધું. સરકાર ﷺએ ખબર આપીને બતાવી આપ્યું કે મારો અક઼ીદો એ છે કે હું ગયબ જાણનાર છું, મારી સુન્નત એ છે કે હું ગયબ જાણનાર (ગયબદાં) છું. અને સહાબીઓએ એને માની લઈને એ સ્વીકારી લીધું કે અમારા લોકોનો પણ મઝહબ એ જ છે કે હુઝૂર ﷺ ગયબદાં છે. હવે જેઓ હુઝૂર ﷺને ગયબદાં નથી માનતા, અને કહે છે કે હુઝૂર ﷺને ગયબ જાણનાર માનવું શિર્ક છે, જેમ કે વહાબી, દેવબંદી. તો તેઓ પોતાનો ફેંસલો કરે ! તેઓ તો માનવાના નથી, પબ્લિક કદાચ માની જાય ! પરંતુ તમો તો સમજી ગયા ને કે બાતિલ શું છે અને હક્ક઼ શું છે ?

## ★ સુન્નીઓના અક઼ીદા શું છે ? ★

કેટલાક અક઼ીદા સાંભળો ! અક઼ીદાઓની રોશનીમાં ફેંસલો થશે કે કોણ હક્ક઼ પર છે અને કોણ નાહક્ક઼ પર ? અને ૭૩માં





એક કોણ છે ? અને કોણ બોત્તેરમાંથી છે ? એકવાર એક સાહબ કહેવા લાગ્યા, સાહબ ! તમે લોકો અમને જહન્નમી કહો છો, અને (તે વહાબી હતો) તો બતાવો ! અમને જહન્નમમાં મોકલનારા તમે કોણ છો ?! અને અમે એકલા જઈશું ? તમો પણ જશો ! મેં કહ્યું, હું કોણ જહન્નમમાં મોકલનારો છું ?! અલ્લાહ તબારક વ તઆલાએ જહન્નમ પેદા કરી છે અને તમે જહન્નમમાં જવાનું કામ કર્યું જેથી અલ્લાહ તઆલા મોકલશે. હા ! તમે ન ગભરાવો કે તમે એકલા જશો ! એકલા તો અમે છીએ, એકલા જનારા તો અમો લોકો છીએ પણ જન્નતમાં ! અહલે સુન્નત વ જમાઅત ! અને તમે લોકો (જહન્નમમાં જનારા) એક નહીં, બે નહીં બોત્તેર છો !

*લેસ તન્હા હૈં બયાબાન ઈસે જાને દો*
*ખૂબ ગુઝરેગી જો મિલ બૈઠેંગે દીવાને દો*

કેટલાક અક઼ીદા આપણા સાંભળો. અમો અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે, **"હુઝૂર ﷺ ગયબદાં (ગયબ જાણનાર) નબી છે."** એક અક઼ીદો અમારા લોકોનો એ છે કે, **"હુઝૂર ﷺ હાઝિર નાઝિર નબી છે."** એટલે કે પોતાના રોઝાએ અક઼દસમાં રહેવા છતાં પણ હુઝૂર ﷺ આખા જગતના હાલાત એ પ્રમાણે જોઈ રહ્યા છે જેમ કે આપ ત્યાં હાજર હોય, મૌજૂદ હોય. અમારા લોકોમાં અક઼ીદો છે કે આપણા હુઝૂર જાને નૂર ﷺને અલ્લાહ તઆલાનો વાયદો પૂરો કરવાના માટે કેવળ એક ક્ષણના માટે મૌત આવ્યું હતું અને પછી આપ હમેશાં માટે જીવતા કરી દેવામાં આવ્યા.

*તૂં ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !*
*મેરી ચશ્મે આલમસે છુપ જાનેવાલે*

## ★ વહાબી દેવબંદીઓના અક઼ીદા ★

આ રીતે અન્ય પણ અમારા અક઼ીદા છે. આ અમુક અક઼ીદા તમે યાદ રાખો. એનાથી ઉલ્ટુ **વહાબી ફિર્કાનો અક઼ીદો** શું છે કે, ''હુઝૂર ﷺને ગયબદાં (ગયબ જાણનાર) નબી માનવું **શિર્ક** છે.'' તેમનો અક઼ીદો છે કે ''હુઝૂર ﷺને હાઝિર નાઝિર માનવા **શિર્ક** છે.'' તેમનો અક઼ીદો છે કે, ''નમાઝમાં હુઝૂર ﷺની તાઝીમ થઈ જશે તો એ પણ શિર્ક થઈ જશે. શિર્કની તરફ પકડીને લઈ જશે, ખેંચીને લઈ જશે.'' એમનો અક઼ીદો છે કે, ''હુઝૂર ﷺ મરીને માટીમાં મળી ગયા.'' (મઆઝલ્લાહ !)

આ વહાબી ગિરોહ (ટોળી)નો અક઼ીદો છે જે પોતે પોતાને ''અહલે હદીષ'' કહે છે અને દેવબંદી ફિર્કાનો અક઼ીદો પણ સાંભળી લો ! તેમનો પણ અક઼ીદો છે કે, ''હુઝૂરને **ગયબદાં** નબી માનવું **શિર્ક** છે, હુઝૂરને **હાઝિર નાઝિર** માનવું **શિર્ક** છે.'' અને તેમનો એક નાપાક અક઼ીદો એ પણ છે કે, **જેવો ઈલ્મે ગયબ હુઝૂર ﷺને છે એવો ઈલ્મે ગયબ દરેક જાનવર, બાળકો, પાગલો, ચોપગાંઓ સૌને હાંસલ છે**[૧]. (મઆઝલ્લાહ !) એમનો અક઼ીદો છે કે, ''હુઝૂર ﷺ પછી કોઈ નવો નબી આવે તો તેના કારણે આપના આખરી નબી હોવામાં કોઈ ફરક પડશે નહીં. અને **હુઝૂર ﷺ પછી નવો નબી આવી શકે છે**[૨]. આ દેવબંદી ટોળીનો અક઼ીદો છે અને વહાબી જમાઅતનો એક અધિક અક઼ીદો સાંભળી લો કે, ''દરેક મખ્લૂક નાનો હોય કે મોટો (નાનામાં સૌથી નાનામાં નાના સામેલ થઈ જશે અને સૌથી મોટી મખ્લૂક કોણ છે ? હુઝૂર ﷺ !)અલ્લાહની શાન સમક્ષ **ચમારથી પણ અધિક ઝલીલ છે**[૩].''

**૧.** *હિફઝુલ ઈમાન, લેખક : અશરફ અલી થાનવી દેવબંદી*
**૨.** *તહઝીરુન્નાસ, લેખક : ક઼ાસિમ નાનોત્વી દેવબંદી.*





(મઆઝલ્લાહ !) આ વહાબી જમાઅતનો અક઼ીદો છે કે, ''સર્વ અવલિયા, અંબિયા અલ્લાહની સમક્ષ **તુચ્છ રજકણથી પણ કમતર** (ઉતરતી કક્ષાના) છે[૪].'' અને હદીષના મુન્કિરો (નકારનારાઓ)નો અક઼ીદો છે કે, ''હદીષ હુજ્જત (દલીલ) નથી.'' ક઼ાદયાનીઓનો અક઼ીદો જેમ દેવબંદીઓનો અક઼ીદો છે તેમ તેમનો પણ અક઼ીદો છે કે, ''હુઝૂર ﷺના પછી નવો નબી આવી શકે છે.'' ક઼ાદયાનીઓમાં અને દેવબંદીઓમાં ફરક એટલો છે કે, ''ક઼ાદયાનીઓએ નબી હોવાનો દાવો કરી આપ્યો'' અને દેવબંદી ધરમમાં હજી સુધી કોઈએ નબી હોવાનો દાવો નથી કર્યો, જો કે એ અલગ વાત છે કે મોલ્વી અશરફઅલી થાનવીના એક મુરીદે ખ્વાબમાં જોયું કે તે કલ્મો પઢી રહ્યો છે : ''લા ઈલાહ ઈલ્લલ્લાહ અશરફઅલી રસૂલુલ્લાહ !''[૫] એટલે કે હુઝૂર ﷺનો કલમો નહીં ! ''અશરફ અલી રસૂલુલ્લાહ !''નો કલ્મો પઢી રહ્યો છે. જયારે તેણે આ ખ્વાબનો મતલબ પૂછયો તો મોલ્વી અશરફઅલી થાણવીએ કહ્યું કે, ''વાત ઠીક છે ! એનો મતલબ એ છે કે તમે મારાથી ખૂબ જ મહોબ્બત ધરાવો છો ! સુન્નતની પયરવી કરનાર છો.'' તો તેમણે પણ જાણે પર્દા પાછળ અને દબાયેલા સ્વરમાં એ વાતનું ઝહન આપી દીધું કે તમે જયારે પઢી રહ્યા છો તો પઢી શકો છો ! નબી હોવાનો દાવો તો ન કર્યો પણ તેમના મુરીદે તેમનો કલ્મો પઢયો અને તેમણે તેને બાકી પણ રાખ્યો ! તો આ એ લોકોનો અક઼ીદો છે.

## ★ આવા પણ વહાબીઓના અક઼ીદા છે ! ★

અમારો અક઼ીદો છે કે હુઝૂર ﷺ સિવાય હવે બીજાનો કલ્મો પઢવો **કુફ્ર** છે, ઈસ્લામની વિરૂધ્ધ છે. અમારો અક઼ીદો તો એ છે

**૩–૪** *તક઼વિયતુલ ઈમાન, લેખક : દેવબંદી વહાબી પેશવા ઈસ્માઈલ દહેલ્વી* **૫.** *રિસાલા ઈમ્દાદ*

કે, "જે કોઈ હુઝૂર ﷺના બારામાં એવું કહે કે, તેઓ અલ્લાહની આગળ ચમાર (મોચી)થી પણ અધિક ઝલીલ છે, તો તે મુસલમાન નથી રહી જતો, કાફિર થઈ જાય છે." અમારો અક઼ીદો છે કે, જે કોઈ એવું કહે કે હુઝૂર ﷺ અલ્લાહની આગળ તુચ્છ રજકણથીય ઉતરતા છે, તો તે પણ ઈસ્લામથી ખારિજ થઈ જાય છે, મુસલમાન નથી રહેતો." તે એમનો અક઼ીદો છે, આ અમારો અક઼ીદો છે.

હવે આપણે રસૂલ પાક ﷺની હદીષની રોશનીમાં અને સહાબાએ કિરામના મઝહબની રોશનીમાં એ વાતનું પરીક્ષણ કરીશું કે હુઝૂર ﷺના મઝહબ પણ કોણ છે ? સહાબાના મસ્લક પર કોણ છે ? અને કોણ એ મઝહબથી અલગ થઈ ચૂકેલ છે ? હવે આપણે એ જ સમજવાનું છે અને એ જ સમજાવવાનું છે. દા.ત. વહાબીઓનો એક અક઼ીદો છે કે, "સર્વ અવલિયા, અંબિયા અલ્લાહની આગળ એક તુચ્છ રજકણથી પણ કમતર (ઉતરતી કક્ષાના છે." આ તેમના ધરમની સૌથી મહત્વની કિતાબ **"તક઼્વિયતુલ ઈમાન"**માં છે. તેમનો બીજો અક઼ીદો છે કે, "દરેક મખ્લૂક નાનો હોય કે મોટો અલ્લાહની શાનની આગળ ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે." (મઆઝલ્લાહ !)

હવે અમે ચર્ચા કરીશું અને ફેંસલો તમો કરશો. ચર્ચા અમારી તદ્દન સરળ શબ્દોમાં છે અને સીધી સાદી ચર્ચા છે કે આ જે અક઼ીદો છે એ ન હુઝૂર ﷺનો છે અને ન સહાબાએ કિરામનો છે, આવો અક઼ીદો દુનિયામાં કોઈનો નથી, કેવળ વહાબીઓનો છે. જો વહાબી જમાઅત પોતાને એમ સમજે છે કે તે નાજી (નજાત પામનાર) ફિર્ક઼ો છે, બોત્તેરમાંથી નથી પણ એકમાં છે તો તેઓ એક હદીષ પઢીને અમને બતાવી આપે અથવા અમારા કોઈ પણ સુન્ની ભાઈને બતાવી આપે જેના થકી એમના એ





અક઼ીદોઓનું સમર્થન થતુ હોય. યકીન માનો ! વહાબી જમાઅતના નાનાથી લઈને મોટા સુધી સર્વ સરદારો, આજથી લઈને કયામત સુધી એડીથી લઈને ચોટી સુધીનું જોર લગાડતા રહેશે, તલાશ કરતા રહેશે, પણ એની સાબિતી ન એમને અલ્લાહની કિતાબ કુર્આનથી મળશે ન રસૂલુલ્લાહ ﷺની હદીષ તથા સુન્નતથી મળશે, ન તો સહાબીઓના અક઼ીદા તથા મઝહબમાં મળશે. અરે ! જે હુઝૂર ﷺની ગુસ્તાખી હોય તે (ની સાબિતી) મળે ? ! અમે કહીએ છીએ કે હુઝૂર ﷺની તાઝીમ ફર્ઝ છે અને સરકાર ﷺનો મર્તબો અલ્લાહ ﷻની બારગાહમાં સર્વ મખ્લૂકથી ઊંચો છે, આલમે મખ્લૂક઼થી પણ ઉચ્ચ છે, અવલિયાથી પણ ઉચ્ચ છે, સર્વ સહાબાએ કિરામથી પણ ઊંચો છે, બલ્કે જેટલા નબી દુનિયામાં આવ્યા તે સર્વથી ઉચ્ચ છે. તુચ્છ રજકણથી નીચો તો બહુ મોટી વાત છે, ચમારથી વધુ ઝલીલ (નીચ) હોવુ તો મહાન કમીનાપણાની વાત છે, અમે એવું કહીએ છીએ કે **હુઝૂર ﷺનો રુત્બો દુનિયામાં સામાન્ય મખ્લૂક઼થી ઊંચો, અવલિયા અલ્લાહથી ઊંચો, સહાબાથી ઊંચો, સર્વ નબીઓથી ઊંચો, સર્વ રસૂલોથી ઊંચો.** જેમ કે આપણા ઈમામ, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ આપણા સૌના એ અક઼ીદાનું પ્રદર્શન આ શબ્દોમાં કર્યું છે :–

*સબસે આ'લા વ અવલા હમારા નબી*
*સબસે બાલા વ વાલા હમારા નબી*
*ખલ્ક઼સે અવલિયા અવલિયાએ રુસુલ*
*ઔર રસૂલોંસે આ'લા હમારા નબી*

## ★ રસૂલનો મર્તબો કુર્આનની રોશનીમાં ★

આ અમારો અક઼ીદો છે કે જે અમારા ઈમામે અહલે સુન્નતે વર્ણન કરી આપ્યો છે, પણ શું અમે ઈમામે અહલે સુન્નતી વાત એટલા માટે માનીએ છીએ કે તે ઈમામે અહલે સુન્નત છે ? નહીં ! એટલા માટે માનીએ છીએ કે તેમણે જે કાંઈ કહ્યું છે તે કિતાબુલ્લાહની રોશનીમાં કહ્યું છે, હદીષે રસૂલુલાહની રોશનીમાં કહ્યું છે. અમે ચાહીએ તો ઘણી બધી આયતો પઢીએ પણ ટૂંકાણને લક્ષમાં રાખીને અહીં કેવળ એક આયતે પાક સંભળાવું છું :–

**تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ**

અલ્લાહ તઆલા ફર્માવે છે : "આ રસૂલોનો ગિરોહ, આ રસૂલોની જમાઅત, અમે તેમનામાં અમુકને અમુક પર ફઝીલત આપી છે અને એમાંથી અમુક રસૂલો તો તે છે જેમની સાથે અલ્લાહે કલામ ફર્માવ્યો (વાત કરી)." *(સૂરએ બક઼રહ, આ. ૨૫૩, પા. ૩)* તે કોણ રસૂલ છે ? હઝરત મૂસા علیہ السلام. અને અમુક રસૂલ તો એવા છે જેમને અલ્લાહે અનંતગણી ઉચ્ચતાઓ અતા ફર્માવી છે. અને સર્વ મુફસ્સિરો કહે છે કે તે રસૂલ જેમને અલ્લાહે સર્વ રસૂલો પર ઉચ્ચતા અર્પણ કરી અને પુષ્કળ દરજાઓ બુલંદી અતા ફર્માવી, તે છે આપણા આક઼ા તથા મૌલા રસૂલુલ્લાહ ﷺ તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે "રસૂલે મકબૂલ ﷺનો **મર્તબો સર્વ મખ્લૂકમાં સૌથી ઊંચો !"** જ્યારે (આ વહાબી) લોકો કહે છે કે **"ચમારથી પણ વધુ નીચો"** તો બતાવો ! હુઝૂર ﷺના મસ્લક તથા મઝહબ પર કોણ છે ? અમે કે તેઓ ? સારું ! સહાબાએ કિરામનો મઝહબ શું છે ? સહાબાએ કિરામનો મઝહબ એ જ તો છે જે કુર્આનમાં છે, તે જ તો છે જે હદીષમાં છે. તો સહાબાના મઝહબ પણ કોણ ? આપણે કે તેઓ ? આપણે !





અમારે એ સમજાવવું હતું. તમે સમજી લીધું તો નાજી ફિર્કો કોણ ? આપણે કે તેઓ ? તોત્તેરમાં એક કોણ ? આપણે કે તેઓ ? (આખા મજમામાંથી અવાજ આવ્યો કે આપણે !) સુબ્હાનલ્લાહ ! તમે ઘણી જ સરળતાપૂર્વક સમજી લીધું, માશા અલ્લાહ ! જુઓ એ લોકો સમજે છે કે નહીં ! એમનામાં જે ભોલા ભાલા લોકો છે તો તેઓ સમજી જશે, માની જશે ઈન્શાઅલ્લાહ ! આના પછી અહીં જ્યારે જલસો થશે તો જોશો કે અહીં જેટલો મજમો છે એમાં ઘણા દેવબંદી તથા વહાબી પણ તૌબા કરીને તમારા ભાઈ બની ચૂકયા હશે.

## ★ વહાબી અક઼ીદાનું પરીક્ષણ હદીષની રોશનીમાં ★

હદીષો પણ પઢીને સંભળાવી શકીએ છીએ પણ અમે નથી ચાહતા કે વાતો લાંબી થાય, આટલુ પણ આપણી સમજ માટે પૂરતુ છે. રહી ગયો વહાબી દેવબંદીઓનો એ અક઼ીદો કે નબી ﷺને ગયબદાં માનવું શિર્ક છે, હાઝિરો નાઝિર માનવું શિર્ક છે. એના પર પણ એક બે હદીષો સંભળાવી દઈએ, અને અત્યારે એક ઘણી જ પ્યારી હદીષ હું સંભળાવવા માગું છું. હું આ હદીષના કેટલાક શબ્દો પણ સંભળાવીશ, કેમ કે આપ લોકો તર્જુમો તો સાંભળ્યા જ કરો છો પણ જરા હદીષ સરકારે દો આલમ ﷺની પાક ઝબાનથી જે શબ્દો નીકળેલા છે તેને સાંભળશો તો ઈન્શાઅલ્લાહ ! આપના સીનામાં ઈમાનનું નૂર ઓર જગમગી ઉઠશે.

**عَنْ أَبِی هُرَيْرَةَ -رضی الله عنه -قَالَ وَكَّلَنِی رَسُولُ اللَّهِ -صلى الله عليه وسلم -بِحِفْظِ زَكَاةِ رَمَضَانَ ، فَأَتَانِی آتٍ فَجَعَلَ يَحْثُو مِنَ الطَّعَامِ ، فَأَخَذْتُهُ ، وَقُلْتُ وَاللَّهِ لَأَرْفَعَنَّكَ إِلَى رَسُولِ اللَّهِ -صلى الله عليه وسلم -.قَالَ إِنِّی مُحْتَاجٌ ، وَعَلَیَّ عِيَالٌ،**

وَلِي حَاجَةٌ شَدِيدَةٌ . قَالَ فَخَلَّيْتُ عَنْهُ فَأَصْبَحْتُ فَقَالَ النَّبِيُّ - صلى الله عليه وسلم - يَا أَبَا هُرَيْرَةَ مَا فَعَلَ أَسِيرُكَ الْبَارِحَةَ. قَالَ قُلْتُ يَا رَسُولَ اللَّهِ شَكَا حَاجَةً شَدِيدَةً وَعِيَالاً فَرَحِمْتُهُ ، فَخَلَّيْتُ سَبِيلَهُ. قَالَ أَمَا إِنَّهُ قَدْ كَذَبَكَ وَسَيَعُودُ. فَعَرَفْتُ أَنَّهُ سَيَعُودُ لِقَوْلِ رَسُولِ اللَّهِ -صلى الله عليه وسلم - إِنَّهُ سَيَعُودُ . فَرَصَدْتُهُ فَجَاءَ يَحْثُو مِنَ الطَّعَامِ فَأَخَذْتُهُ فَقُلْتُ لَأَرْفَعَنَّكَ إِلَى رَسُولِ اللَّهِ -صلى الله عليه وسلم -. قَالَ دَعْنِي فَإِنِّي مُحْتَاجٌ ، وَعَلَيَّ عِيَالٌ لاَ أَعُودُ ، فَرَحِمْتُهُ ، فَخَلَّيْتُ سَبِيلَهُ فَأَصْبَحْتُ ، فَقَالَ لِي رَسُولُ اللَّهِ -صلى الله عليه وسلم - يَا أَبَا هُرَيْرَةَ ، مَا فَعَلَ أَسِيرُكَ . قُلْتُ يَا رَسُولَ اللَّهِ شَكَا حَاجَةً شَدِيدَةً وَعِيَالاً ، فَرَحِمْتُهُ فَخَلَّيْتُ سَبِيلَهُ . قَالَ أَمَا إِنَّهُ قَدْ كَذَبَكَ وَسَيَعُودُ . فَرَصَدْتُهُ الثَّالِثَةَ فَجَاءَ يَحْثُو مِنَ الطَّعَامِ ، فَأَخَذْتُهُ فَقُلْتُ لَأَرْفَعَنَّكَ إِلَى رَسُولِ اللَّهِ -صلى الله عليه وسلم -، وَهَذَا آخِرُ ثَلاَثِ مَرَّاتٍ أَنَّكَ تَزْعُمُ لاَ تَعُودُ ثُمَّ تَعُودُ . قَالَ دَعْنِي أُعَلِّمْكَ كَلِمَاتٍ يَنْفَعُكَ اللَّهُ بِهَا . قُلْتُ مَا هُوَ قَالَ إِذَا أَوَيْتَ إِلَى فِرَاشِكَ فَاقْرَأْ آيَةَ الْكُرْسِيِّ ( اللَّهُ لاَ إِلَهَ إِلاَّ هُوَ الْحَيُّ الْقَيُّومُ ) حَتَّى تَخْتِمَ الآيَةَ ، فَإِنَّكَ لَنْ يَزَالَ عَلَيْكَ مِنَ اللَّهِ حَافِظٌ وَلاَ يَقْرَبَنَّكَ شَيْطَانٌ حَتَّى تُصْبِحَ . فَخَلَّيْتُ سَبِيلَهُ فَأَصْبَحْتُ ، فَقَالَ لِي رَسُولُ اللَّهِ -صلى الله عليه وسلم - مَا فَعَلَ أَسِيرُكَ الْبَارِحَةَ . قُلْتُ يَا رَسُولَ اللَّهِ زَعَمَ أَنَّهُ يُعَلِّمُنِي كَلِمَاتٍ ، يَنْفَعُنِي اللَّهُ بِهَا ، فَخَلَّيْتُ سَبِيلَهُ . قَالَ مَا هِيَ . قُلْتُ قَالَ لِي إِذَا أَوَيْتَ إِلَى





فِرَاشِكَ فَاقْرَأْ آيَةَ الْكُرْسِيِّ مِنْ أَوَّلِهَا حَتَّى تَخْتِمَ ( اللَّهُ لاَ إِلَهَ إِلاَّ هُوَ الْحَيُّ الْقَيُّومُ ) وَقَالَ لِي لَنْ يَزَالَ عَلَيْكَ مِنَ اللَّهِ حَافِظٌ وَلاَ يَقْرَبَكَ شَيْطَانٌ حَتَّى تُصْبِحَ ، وَكَانُوا أَحْرَصَ شَيْءٍ عَلَى الْخَيْرِ . فَقَالَ النَّبِيُّ -صلى الله عليه وسلم - أَمَا إِنَّهُ قَدْ صَدَقَكَ وَهُوَ كَذُوبٌ ، تَعْلَمُ مَنْ تُخَاطِبُ مُنْذُ ثَلاَثِ لَيَالٍ يَا أَبَا هُرَيْرَةَ. قَالَ لاَ. قَالَ ذَاكَ شَيْطَانٌ.

*–(સહીહ બુખારી શરીફ, ભાગ–૮, પેજ–૩૬૮)*

આ હદીષને કોણે રિવાયત કરી છે ? ઈમામ બુખારી رضی اللہ عنہએ ! બુખારી શરીફમાં આ હદીષ શરીફ છે. આ તે જ બુખારી શરીફ છે જેને વહાબી તથા ગૈર મુક઼લ્લિદ ફિર્કો હમેશાં પોતાના માથા પર લઈને ફરે છે, કહે છે કે અમે માનીશું તો આ જ ! બીજી કિતાબ માનીશું નહીં, એટલા માટે મેં વિચાર્યું કે તેમને સમજાવવા માટે એ જ કિતાબ રજૂ કરું જેને તેઓ પોતાની જીભ પર હમેશાં રાખે છે, અને પછી જયારે અમે સમજાવીશું તો ત્યારબાદ ફેંસલો કરવો આપનું કામ છે કે તેઓ કેવળ જીભ વડે જ કહે છે કે દિલથી પણ કહે છે ?

જયારે વાત સ્પષ્ટ થઈ જશે તો તમારી સમજમાં આવી જશે કે તેઓ બુખારી શરીફનું નામ કેવળ ઝબાનથી લે છે, દિલ તેમનું ખાલી છે.

સહાબીએ રસૂલ સૈયેદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ રમઝાન શરીફમાં જે ઝકાત નીકળે છે એટલે કે સદક઼ા ફિત્રા તેની હિફાઝતના માટે મને નિયુક્ત કર્યો કે તમારે એની હિફાઝત તથા નિગરાની કરવાની છે. એક રાત્રે એક શખ્સ આવ્યો, રાતનો સન્નાટો હતો. તેણે જલ્દીથી પોતાનો થેલો ભર્યો

ત્યાં સુધીમાં મેં એને પકડી લીધો અને તેને કહ્યું, لأرفعنك إِلى رسول صلى الله عليه و سلم "હું તને રસૂલુલ્લાહ ﷺની અદાલતમાં લઈ જઈશ." તે ડરી ગયો કે મહા ગરબડ થઈ જશે, ત્યાં હું પહોંચી ગયો તો ! તેણે કહ્યું, જુઓ ભાઈ ! મારી પાસે નાના નાના બાળકો છે, તેમનો ખર્ચ છે અને હું ઘણો જ મોહતાજ છું, આજે છોડી આપો ! હવે હું નહીં આવું. તેમણે વિચાર્યું કે જો તેણે ચોરી પણ કરી છે તો પોતાનો જ હક્ક઼ કેમ કે ઝકાત તો મોહતાજોનો હક્ક઼ છે. જ્યારે એ આટલો મોટો મોહતાજ છે તો હક્ક઼ એનો જ છે જેથી ચોર્યો છે તો પણ પોતાનો જ હક્ક઼. જ્યારે વાયદો કરી રહ્યો છે કે હવે નહીં આવે તો છોડો જવા છે, એક જ વખતની વાત છે. માફ કરી આપ્યો, છોડી આપ્યો. તે ચાલ્યો ગયો. એ રાતનો સમય હતો. આખુ મદીના સૂઈ રહ્યું છે. સવારે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા, તો સરકાર ﷺએ જોતાં જ ફર્માવ્યું : **يا اباهرية ! مافعل اسيرك البارحة ؟** "અબૂ હુરૈરહ ! તમારા રાતના કેદીનું શું થયું ?"

**વહાબીઓ ! સાંભળો ! આ તે જ કિતાબની હદીષ છે** જેને તમે માથા પર અને હમેશાં મોઢામાં લઈને રહો છો ! **જોવાનું છે કે એ કિતાબ તમારા દિલમાં પણ છે કે નહીં ?** સરકાર ﷺ ફર્માવે છે કે હે અબૂ હુરૈરહ ! તારા રાતના કેદીનું શું થયું ? તેનો મતલબ શું થયો ? **હુઝૂર રાતના સન્નાટામાં જે કાંઈ બન્યુ હતું એને એ રીતે જોઈ રહ્યા હતા જેવી રીતે આપ ત્યાં હાઝિર નાઝિર હોય !** તેમણે અર્ઝ કરી, હુઝૂર તેણે સખ્ત મોહતાજી તથા બેસહારા બાળકોના ખર્ચાઓનું બહાનુ આગળ ધર્યું તો મને એના પર દયા આવી ગઈ, તેણે વાયદો પણ





કર્યો કે હવે બીજીવાર નહીં આવે, એટલા માટે મેં એને છોડી મૂકયો. સુબ્હાનલ્લાહ ! જરા ગયબદાં નબી, આપણા હાઝિર નાઝિર નબીનો જવાબ પણ સાંભળો ! ફર્માવે છે : હુઝૂરના શબ્દો છે જે આપના મોઢેથી નીકળે છે : **اَمَا اِنَّهٗ قَدْ كَذَبَكَ وَسَيَعُوْدُ** **"સાંભળો ! જાણી લો ! યકીનન ! તારાથી તે જૂઠુ બોલીને ગયો છે આજે ફરી આવશે."** સારું, આ સવારની વાત છે. એ બતાવો ! કોઈ માણસ તમને વાયદો કરે કે હું સવારે તમારી પાસે આવીશ, મુલાકાત કરીશ, કાંઈક કામ છે, આઠ વાગ્યે આવીશ. તો શું આઠ વાગ્યા પહેલાં પહેલાં તમે તેને કહી આપશો કે તે જૂઠો છે ?! કોઈ નથી કહી શકતુ, કારણ કે તેના દિલમાં જૂઠ છે કે નથી, જે વાયદો કર્યો છે એના વિરૂધ્ધ વાત એના દિલમાં છુપાયેલ છે કે નથી છુપાયેલ, તેને ન અમે જાણીએ છીએ, ન વહાબી જાણે છે, ન દેવબંદી જાણે છે. ખુદા સિવાય કોઈ નથી જાણતું, તો કોઈ કઈ રીતે કહેશે કે તે જૂઠો છે ?! સારું, જો આઠ વાગ્યે ન આવ્યો તો તમે કહી આપશો કે તે તો જૂઠો છે ?! આપણે પણ નથી કહી શકતા. અરે ! દસ વાગ્યે ન આવ્યો, બાર વાગ્યે ન આવ્યો, સાંજ સુધી ન આવ્યો તો આપણી જેવા માણસો હશે તો કહેશે કે કોઈ મજબૂરી રહી હશે, કદાચ ટ્રાફિકમાં ફસાઈ ગયો હોય, ટ્રેન મોડી પડી હશે, કાંઈ પણ આપણે કહી શકીએ છીએ, મુસલમાન હશે તો આપણે કોશિશ કરીશું કે જૂઠો ન કહીએ. અને આપણા પબ્લિકના માણસો હશે તો કહેશે, સાલો ! બહુ જૂઠો છે ! પરંતુ એવું કયારે કહેશે, નવ દસ કલાકો વહી ગયા પછી. શા માટે કહેશે ? એટલા માટે કે એનું જૂઠું હોવું તમારા સમક્ષ આવી ગયું ! તમારા સાજો જાહેર થઈ ગયું કે તેણે જે જીભ વડે કહ્યું હતું તે એના દિલમાં ન હતું. તેના દિલની વાત

તમારી સામે આવી ગઈ. પરંતુ જે વાત હજી રાતમાં થનારી છે, પણ સવાર સવારમાં જ સરકાર ﷺ તેના બારામાં ફર્માવે છે : **قد كذبك** "જૂઠુ બોલીને ગયો છે." એટલુ જ નહીં, બલ્કે યક઼ીનન ! જૂઠુ બોલીને ગયો છે." એનો મતલબ શું થયો કે **હુઝૂરે અક઼્દસ ﷺની નિગાહે નબુવ્વત એ વાયદો કરનારના દિલમાં છુપાયેલ જૂઠને જોઈ રહી છે !** જીભ વડે તો કરી રહ્યો છે કે આવશે નહીં પરંતુ તેના દિલમાં છુપાયેલ છે કે આવશે અને શું સરકાર ﷺની નિગાહે નબુવ્વત કેવળ એક અનુમાનથી સમજી રહી છે ? ! નહીં ! યક઼ીની તૌર પર સમજી રહી છે, એટલા માટે તો ફર્માવ્યું, **قد كذبك** (ક઼દ)નો અર્થ શું છે ? યક઼ીનન ! તેહક઼ીક કે, એટલે કે " આ વાત તહક઼ીક઼ી છે કે તે આવશે." કોઈ શંકાની વાત નથી, એમાં યક઼ીન છે કે તે આવશે. તો જાણવા મળ્યું કે હુઝૂર ﷺએ આવું કહીને કે, 'અબૂ હુરૈરહ ! તારા કેદીનું શું થયું ?" **પસાર થઈ ગયેલા જમાનાના ગયબની ખબર આપી છે** અને આવું કહીને કે **قد كذبك** "તે યક઼ીનન ! તારાથી જૂઠુ બોલીને ગયો છે." બોલનારાના દિલની અંદર છુપાયેલા જૂઠની ખબર આપી છે. અને સરકાર ﷺએ આવું ફર્માવીને કે **سيعود** "આજે ફરી આવશે" **આવનાર જમાનાના ગયબની ખબર આપી છે.** વાત તો એક જ વાકયની છે પણ એ એક જ વાતમાં સરકાર ﷺ કેટલાં ગયબની ખબરો આપી રહ્યા છે ? ભૂતકાળના ગયબની ખબર આપી રહ્યા છે, ભવિષ્યની ગયબની ખબર આપી રહ્યા છે અને દિલમાં છુપાયેલ જૂઠની ખબર આપી રહ્યા છે, અને એવી રીતે આપી રહ્યા છે જાણે હુઝૂર ﷺ ત્યાં હાઝિર નાઝિર હોય. તો જાણવા મળ્યું કે હુઝૂર ﷺ **ગયબદાં નબી** પણ છે અને હુઝૂર ﷺ **હાઝિર નાઝિર** પણ છે.





એ તો આપણે સમજ્યું આ હદીષ પરથી, પરંતુ સહાબાએ શું સમજ્યું ? તો તેમના તર્જુમાન હઝરત સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہનું બયાન ખૂદ તેમના જ પોતાના તેમના મોઢેથી નીકળેલ શબ્દોમાં સાંભળો ! ફર્માવે છે : **فعرفت انه سيعود "તો મેં જાણી લીધું કે તે ચોક્કસ આવશે."** કેમ જાણી લીધું કે?! સહાબાનો જરા મઝહબ તથા મસ્લક સાંભળો !

**لقول رسول الله صلى الله عليه وسلم انه سيعود**

એટલા માટે કે "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી દીધું છે કે તે આવશે." આ બતાવીને તે બે વાતો દર્શાવવા ચાહે છે, એક તો એ કે રસૂલુલ્લાહ ﷺનું બતાવેલું ગયબ કદી જૂઠુ નથી હોઈ શકતું. અને બીજી વાત એ કે જયારે સરકાર ﷺએ કહી આપ્યું કે તે આવશે,તો હવે ચોક્કસ આવશે ! કેમ કે હવે તેનો વશ નથી ચાલી શકતો કે તે ન આવે ! આ પરથી ઈક્તેદારે મુસ્તફા (ﷺ)ની સાબિતી મળે છે. હુઝૂર ﷺના મઝહબ પર કોણ ? આપણે કે તેઓ ? આપણે ! (પૂરા મજમાંથી અવાજ આવ્યો, આપણે) સુબ્હાનલ્લાહ ! તમોએ તમારો વાયદો પૂરો કર્યો કે આજે અમે પણ બોલીશું. નાજી ફિર્કો કોણ ? આપણે કે તે ? "આપણે !" અરે ! એ બતાવો કે તોત્તેરમાં એક કોણ ? (પૂરા મજમાએ જવાબ આપ્યો કે, આપણે !)

તે રાતે પણ તે આવી ગયો અને ચોરીની બિના બની પછી પકડાયો અને ગઈ રાતની જેમ સૌ વાતો થઈ. સવારે સરકાર ﷺની બારગાહમાં (અબૂ હુરૈરહ) હાજર થયા તો બીજા દિવસે પણ સરકારે પૂછયું : **يَا اَبَا هُرَيْرَةَ ! فَافْعَلَ اَسِيْرُكَ الْبَارِحَةَ ؟** "હે અબૂ હુરૈરહ ! રાતવાળા કેદીનું શું થયું ? "મતલબ એ હતો કે જયારે તમને જાણ થઈ ગઈ કે જૂઠો છે, બદ્માશ છે, ચોર છે તો

આજે તો પકડી લેવો જોઈતો હતો ! તો અર્ઝ કરી, હુઝૂર ! આજે પણ તેણે તે જ બહાનુ આગળ ધર્યું કે મોહતાજ છે, બચરવાળ છે, અને આજે પણ ફરીવાર ન આવવાનો વાયદો કર્યો તો મને રહમ આવી ગઈ ! અને મેં તેને છોડી મૂકયો. તો સરકાર ﷺએ આજે પણ એ જ વાત દોહરાવી, અબૂ હુરૈરહ ! સાંભળો ! જાણી લો ! તે યક઼ીનન ! તારાથી જૂઠ, બોલીને ગયો છે, આજે ફરી આવશે. અબૂ હુરૈરહ કહે છે કે, 'મેં પણ લીધું કે તે જરૂર આવશે કેમ કે મારા રસૂલ ﷺ એ બતાવી આપ્યું કે તે આવશે. આ પરથી પણ તે જ ત્રણ ગયબો સાબિત થઈ ગયાં. કુલ કેટલા ગયબ થયાં ? ત્રણ પ્રથમ દિવસનાં અને ત્રણ આજનાં આમ કુલ છ થયાં. પછી ત્રીજી રાત્રે પણ તે આવી ગયો. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ તાકમાં જ હતા જેથી આપે તેને રંગે હાથ પકડી લીધો અને ફર્માવ્યું કે આજે હું તને રસૂલુલ્લાહ ﷺની ઉચ્ચ અદાલતમાં જરૂર લઈ જઈશ, તારી આ ત્રીજી ચોરી છે, તું કહે છે કે આવીશ નહીં, અને ફરી આવી જાય છે. **لَاَرْفَعَنَّكَ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ** ''રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં તને જરૂર લઈ જઈશ.'' તેણે જોયું કે આજે કોઈ બહાનું કોઈ ધોકો કામ નહીં આપે તો તેણે કહ્યું, **دَعْنِى اُعَلِّمُكَ كَلِمَاتٍ يَّنْفَعُكَ اللّٰهُ بِهَا** ''મને છોડી દો, હું તમને અમુક કલમાઓ શીખવાડી દઉં છું જે તમારા માટે લાભદાયી થશે. સહાબાએ કિરામ ઈલ્મે દીનના ઘણા આશિક઼ રહેતા હતા, તેમણે વિચાર્યુ કે આ મોહતાજ છે, હું તેને છોડી દઈશ તો મને દીનનો એક ઈલ્મ મળી જશે. દીનનો એક ઈલ્મ હાંસલ કરવા માટે તે પણ તૈયાર થઈ ગયા. તેણે કહ્યું કે **જ્યારે તમે સૂવાના માટે જાવ તો આયતુલ કુર્સી પઢી લીધા કરો તો**





**અલ્લાહ તઆલા એક મુહાફિઝ નિયુક્ત કરી આપશે જે તમારી પણ હિફાઝત કરશે અને તમારા માલની પણ હિફાઝત કરશે.** હઝરત અબૂ હુરૈરહ ફર્માવે છે કે મેં તેને છોડી મૂકયો. જયારે ત્રીજી સવારમાં હઝરત અબૂ હુરૈરહ હાજર થયા તો સરકાર ﷺએ આજે પણ જોયું તો એ જ શબ્દો દોહરાવ્યા : **یا اباهريرة ! مافعل أسيرك البارحة ؟** અર્થ એ જ છે જે હમણા મેં બતાવ્યો. તેમણે અર્ઝ કરી હુઝૂર ! આવી આવી વાત થઈ. તો આજે સરકાર ﷺએ ફર્માવ્યું : **اَمَا اِنَّهٗ صَدَقَكَ وَهُوَ كَذُوْبٌ** સાંભળો ! જાણી લો ! ''બેશક ! તેણે એ સાચું કહ્યું, આજે જે કહ્યું છે સાચુ છે, પણ તે કઝૂબ ઘણો જ મહાન જૂઠો છે.'' સારું, કોઈ એકવાર જૂઠ બોલી નાખે તો જૂઠો કહીશું, બે વાર જૂઠ બોલે તો જૂઠો કહીશું, પણ કોઈને ઘણો જ મહાન જૂઠો સાચાઓના ઉર્ફમાં કયારે કહેવામાં આવે છે ? જ્યારે જૂઠુ બોલવાની તેની આદત બની જાય છે, તે જ્યારે પણ કોઈ કામ કરે છે તો જૂઠુ જ બોલ છે. જ્યારે પણ કાંઈ કહે છે તો જૂઠુ જ બોલે છે. દસ વાત કહે અને દસેવ જૂઠી, ત્યારે કહીશું કે તે ઘણો જ મહાન જૂઠો છે. તો સરકાર ﷺએ 'કઝૂબ' કહીને એ બતાવી દીધું કે તેનું ત્રણ જૂઠ જ મારી નિગાહમાં નથી, અરે ! એનાથી પહેલાં પણ જૂઠુ બોલતો રહ્યો છે, અને એના પછી પણ જૂઠુ બોલતો રહેશે. **وهو كذوب** ''છે તો ઘણો જ મહાન જૂઠો !''

તો કમસે કમ ત્રણ ગયબદાની અહીં પણ જાહેર થઈ ગઈ. ત્રણને ત્રણ છ ને ત્રણ નવ. માશા અલ્લાહ ! ગણિત તો આપ લોકોનું ઘણુ મજબૂત છે ! આજે સરકાર ﷺએ એવું નથી ફર્માવ્યું કે આવશે, જેથી ન આવ્યો. હા ! આજે સરકાર ﷺએ એક વાત પૂછી અબૂ હુરૈરહ رضی اللہ عنہથી :–

تَعْلَمُ مَنْ تُخَاطِبُ مُنْذُ ثَلٰثِ لَيَالٍ ؟ ''અબૂ હુરૈરહ ! તમને ખબર છે કે ત્રણ રાતોથી તમે કોની સાથ વાત કરો છો ? ''એટલે કે કોને પકડો છો ? કોની સાથે તમારી મુલાકાત થઈ રહી છે ? قُلْتُ : لَا અબૂ હુરૈરહ અર્ઝ કરે છે : મે કહ્યું, ''હું નથી ઓળખતો !'' પકડી રહ્યા છે એ, ગિરફતાર કરી રહ્યા છે એ, ધમકાવી રહ્યા છે એ, અને તેમને ખબર જ નથી કે એ કોણ છે ? ઓળખતા જ નથી કે કોણ છે ? ! ત્યાં હુઝૂર ﷺ હતા ? ન હતા ! જો કોઈ હદીષમાં હોય તો વહાબી બતાવે, કોઈ હદીષમાં નથી. ત્યાં તો કેવળ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ જ હતા ! તે હતા અને ત્યાં સદકા, ફિત્રાનું અનાજ હતું, અનાજ તો બતાવશે નહીં ! અને અબૂ હુરૈરહ સમજદાર હતા છતાં તેમણે જાણ્યું ઓળખ્યું નહીં. તો સરકાર ﷺ ફર્માવે છે : ذَاكَ شَيْطَانٌ ''તે શૈતાન ખબીષ છે જે ત્રણ દિવસથી તમને પરેશાન કરી રહ્યો છે.'' આ હદીષ મિશ્કાતુલ મસાબીહ કિતાબ ફઝાઈલે કુર્આન, પેજ નં 185ની છે, જે બુખારી શરીફના હવાલાથી અહીં વર્ણન થયેલી છે. મેં અહીં તેનો મતલબ દર્શાવતો સ્પષ્ટતાપૂર્ણ તર્જુમો વર્ણન કર્યો છે જેથી તેનો ભાવાર્થ તમારા લોકો સમક્ષ સારી રીતે સ્પષ્ટ થઈ જાય. હવે તમે લોકો વિચારો, જે જગાએ એ અનાજ રાખ્યું હતું ત્યાં સરકાર ﷺ ન હતા, પણ પોતાના શયનખંડમાં હતા ત્રણ રાતથી જે બનાવ સતત બની રહ્યો છે તેને સરકાર ﷺએ રીતે જોઈ રહ્યા છે જાણે આપ ત્યાં હાઝિર હોય અને નાઝિર હોય. એન ગયબની ખબર પણ સરકાર ﷺ ત્રણ રાતથી સતત આપી રહ્યા છે. અને આવનારા ચોરને ઓળખી પણ રહ્યા છે કે આવનારો ચોર કોઈ સામાન્ય માણસ નથી, કોઈ ઈન્સાન નથી બલ્કે આવનારો ચોર શૈતાન છે શૈતાન લઈન છે.





નવ ગયબ તો પહેલાં જ વર્ણવી આપ્યા હતા, તો હવે કેટલા થયા ? દસ ! تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ **આ એક હદીષ છે, પણ તેનાથી દસ દસ રીતે સાબિત થઈ ગયું કે હુઝૂર ﷺ ગયબદાં નબી છે અને ઉમ્મતના અહેવાલ તથા અમલો પર હાઝિર પણ છે અને નાઝિર પણ છે.** એટલા માટે અજમલ સુલ્તાનપુરીએ જે વાત કહી, ઘણી સરસ કહી !!

*મૈં માનતા હૂં કે બેશક ! હુઝૂર હાઝિર હૈં*
*મૈં જાનતા હૂં કે બેશક ! હૂઝૂર હાઝિર હૈં*
*ખુદાકી દી હૂઈ કુદરતસે હર ઘળી 'અજમલ'*
*વો હર મકામ પે નઝદીકો દૂર હાઝિર હૈ*

એટલે કે છે તો એક જ જગાએ પણ આપની નિગાહે નબુવ્વત દરેક જગાએ હાઝિર છે અને સૌને જોઈ રહી છે. **આ સહીહ હદીષ છે અને આ હદીષને જે પઢે તેમ છતાં પણ એવું કહે કે ''હુઝૂરને ઈલ્મે ગયબદાં (ગયબ જાણનાર) માનવું શિર્ક ! તથા હુઝૂરને હાઝિર નાઝિર માનવું શિર્ક !'' તો બતાવો શું તેઓ હુઝૂરના મઝહબ પર છે ? સહાબાના મસ્લક પર છે ? નથી !** અને જે કહે હુઝૂર હાઝિર નાઝિર છે તથા જે કહે કે હુઝૂર ગયબદાં નબી છે, તો તે હુઝૂર ﷺના મઝહબ પર છે અને સહાબાના મઝહબ પર છે. તો સાબિત થઈ ગયું કે આપણે લોકો જ અહલે સુન્નત વ જમાઅત છીએ. વહાબી, દેવબંદી વગેરે નારી (જહન્નમી) ફિર્કામાંથી છે, જહન્નમી ગિરોહ છે. તો તોત્તેરમાં એક કોણ ? આપણે ! અને બાકી બોત્તેરમાં ? તેઓ !

મારો ખયાલ છે કે હાઝિર તથા નાઝિર હોવાના સંબંધે ખાસ્સી બધી વાત તમને સમજાવી આપી છે. અમારે દર્શાવવું કેવળ એટલુ

છે કે હુઝૂર ﷺ ગયબદાં (ગયબ જાણનાર) નબી છે, હાઝિર છે, નાઝિર છે અને આપને સર્વ વાતો મા'લૂમ છે, એ જ સહાબીઓનો મઝહબ છે, એ જ રસૂલુલ્લાહ ﷺનો મઝહબ છે, એ જ આપણો અક્રીદો છે. એટલા માટે આપણે હુઝૂર ﷺના મઝહબ પર છીએ, આપણે સહાબાના મઝહબ પર છીએ, એટલા માટે આપણે હક્ક પર છીએ અને વહાબી દેવબંદી વગેરે જહન્નમી છે, નાહક્ક પર છે, બાતિલ પર છે. એઓ કોઈ અન્યના મઝહબ પર તો હોઈ શકે છે પણ સહાબાના મઝહબ પર અને હુઝૂર ﷺના મઝહબ પર નથી. અને એમાં એમને અમારાથી શિકાયતનો કોઈ હક્ક નથી, કેમ કે એમણે પોતાનું નામ જાતે પોતે જ કાંઈક જુદુ રાખી લીધું છે. અહલે સુન્નત વ જમાઅત નામ આપણુ છે તેમનું નથી, તેઓ પોતાનું આ નામ પસંદ જ નથી કરતા ! અને પસંદ કરી પણ નથી શક્તા. (શેઅર) :–

*ઈં સઆદત બઝોરે બાઝૂ નેસ્ત*
*તા ન બખ્શંદ ખુદાએ બખ્શંદા*

સહીહ મુસ્લિમ શરીફમાં છે :–

**عَنْ أَبِى هُرَيْرَةَ قَالَ قَالَ رَسُولُ اللَّهِ ـ صلى عليه وسلم ـ لَقَدْ رَأَيْتُنِى فِى الْحِجْرِ وَ قُرَيْشٌ تَسْأَلُنِى عَنْ مَسْرَاىَ فَسَأَلَتْنِى عَنْ أَشْيَاءَ مِنْ بَيْتِ الْمَقْدِسِ لَمْ أُثْبِتْهَا ـ فَكُرِبْتُ كُرْبَةً مَا كُرِبْتُ مِثْلَهُ قَطُّ قَالَ فَرَفَعَهُ اللَّهُ لِى أَنْظُرُه إِلَيْهِ مَا يَسْأَلُونِى عَنْ شَىْءٍ إِلَّا أَنْبَأْتُهُمْ بِهِ**

હઝરત ! અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે : તે ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે હું હતીમે કા'બા





શરીફમાં મૌજૂદ હતો અને કુરૈશ મારાથી મેઅરાજની સફરના સંબંધે સવાલો કરી રહ્યા હતા. તેમણે મારાથી બયતુલ મુક઼દસના સંબંધે કેટલીક ચીજોના બારામાં સવાલ કર્યો જેમના સવાલો મારી નિગાહોમાં મેહફૂઝ ન હતા તો મને એના સબબે ઘણી તકલીફ થઈ, એવી તકલીફ જે કદી ન થઈ હતી (કેમ કે જો તેમના બિનજરૂરી સવાલોના જવાબ ન આપતો તો મેઅરાજના મો'જિઝાનો ઈન્કાર કરી આપતા ) સરકાર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે : **فَرَفَعَهُ اللّٰه لِى اَنْظُرُ اِلَيْهِ مَا يَسْأَلُونِّى عَنْ شَىْءٍ أَنْبَأْتُهُمْ بِهِ** "તો અલ્લાહ جل جلالہએ બયતુલ મુક઼દસને મારી સમક્ષ કરી આપ્યું અને કુરૈશના કાફિરો મારાથી જે કાંઈ પણ સવાલ કરતા હતા હું બયતુલ મુક઼દસને જોઈ જોઈને એના જવાબો આપી દેતો." *(સહીહ મુસ્લિમ શરીફ, પેજ–૯૬, ભાગ–૨, બાબુલ અસ્રા)*

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની રિવાયતના શબ્દો આ પ્રમાણે છે :–

**فَجَلَا اللَّهُ لِى بَيْتَ الْمَقْدِسِ فَطَفِقْتُ أُخْبِرُهُمْ عَنْ آيَاتِهِ وَأَنَا أَنْظُرُ إِلَيْهِ**

"અલ્લાહ તઆલાએ બયતુલ મુક઼દસને રોશન કરી આપ્યું અને હું તેની નિશાનીઓ જોઈ જોઈને કુરૈશના કાફિરોને બતાવી રહ્યો હતો." *(હવાલો : ઉપર મુજબ)*

એક વાત અન્ય કહો, અમે બતાવ્યું હતું કે નમાઝમાં હુઝૂર ﷺની તા'ઝીમ થવી જોઈએ. આપણા ઈસ્લામથી એને સંબંધ છે, આપણા ઈમાન સાથે એને સંબંધ છે. એનાથી ઉલ્ટુ વહાબીઓ દેવબંદીઓનો પણ મઝહબ સાંભળો ! એ બંનેવ ફિર્ક઼ાઓનો મઝહબ છે કે, "નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો નમાઝ થઈ જશે." ધ્યાનથી સાંભળજો ભાઈ ! બંનેવ

(દેવબંદી, અહલે હદીષ) ફિર્કાઓનો અકીદો છે કે, ''નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો નમાઝ થઈ જશે અને જો હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ નમાઝમાં આવી જાય તો નમાઝ નહીં થાય ! બલ્કે આ ખયાલ નમાઝીને શિર્કની તરફ ખેંચીને લઈ જશે. નમાઝમાં હુઝૂરનો ખયાલ ગાય, બળદ, ગધેડાંના ખયાલ કરતાં અનંતગણો અધિક બુરો છે.'' આ અકીદો આ બંનેવ ફિર્કાઓના ચહીતા અને વિશ્વસનીય મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ ''સિરાતે મુસ્તકીમ''માં છે. સિરાતે મુસ્તકીમમાં એ વાત લખી છે અને એની દલીલ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શું આપી છે તે સાંભળો ! તે લખે છે કે, ''નમાઝમાં જો ગાય, બળદ, ગધેડાંનો ખયાલ આવી જાય તો તા'ઝીમ સાથે નહીં આવે એટલા માટે નમાઝ થઈ જશે, અને જો હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ આવશે તો તા'ઝીમની સાથે આવશે. અને નમાઝમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની તા'ઝીમ અથવા ગૈરુલ્લાહની તા'ઝીમ એ શિર્ક છે, એટલા માટે જો કોઈ નમાઝમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ લાવે તો એ ખયાલ તા'ઝીમની સાથે લાવશે એટલા માટે એ શિર્કની તરફ એને ખેંચી જશે. એનો સાર એ નીકળ્યો કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ આવ્યા બાદ ન નમાઝ રહી ન ઈમાન રહ્યું, કાંઈપણ બાકી ન રહ્યું ! આ અકીદો અસલમાં વહાબીઓનો છે અને તેની સાથે એ લોકોનો પણ છે જેમને આપણે દેવબંદી નામથી ઓળખીએ છીએ એ લોકો પણ તેમની સાથે છે.

હવે આપણે હદીષોની રોશનીમાં એ જાણી લેવું છે કે શું સહાબાનો આ મઝહબ છે ? મઆઝલ્લાહ ! શું કુર્આનમાં ક્યાંક છે ? શું હદીષમાં ક્યાંક છે ? તો હું હજી પણ એ જ વાત કહું છું કે સર્વ વહાબી તથા દેવબંદી જમાઅતના નાના મોટા સૌ આલિમો





એડીથી લઈને ચોટી સુધી, આજથી લઈને કયામત સુધી શોધતા રહેશે પણ યકીન માનો ન કિતાબુલ્લાહમાં એમનો આવો કોઈ અકીદો મળશે, ન બુખારીમાં મળશે, ન મુસ્લિમ શરીફમાં આવો કોઈ અકીદો મળશે, ન હદીષની કોઈ કિતાબમાં આવો કોઈ અકીદો મળશે, ન સહાબાના ત્યાં આવો કોઈ અકીદો મળશે, બલ્કે પૂરી મુસ્લિમ ઉમ્મતમાં આવો ક્યાંય પણ કોઈ અકીદો મળશે નહીં, મળશે તો ક્યાં ? કેવળ વહાબી દેવબંદીમાં ! તો જે ક્યાંય ન મળે, ન કુર્આનમાં, ન હદીષમાં, ન સહાબામાં, તો તે આપણામાંનો હશે કે એમનામાંનો ? તે અલગ થશે, તે બોત્તેરમાંનો હોઈ શકે છે પણ નાઝી (નજાત પામનાર) ફિર્કા અહલે સુન્નત વ જમાઅતમાં નથી હોઈ શક્તો.

હવે હદીષો સાંભળો ! અમે તમોને એક એવી હદીષ સંભળાવીએ છીએ જેને સૌ માને છે. તેઓ પણ નમાઝ પઢે છે, આપણે પણ નમાઝ પઢીએ છીએ. અને નમાઝમાં તશહ્હુદ (અત્તહિય્યાત) પઢવામાં આવે છે. સમય લાગી જશે જો તમને લોકોને ઊભા કરું અને કહું કે મને અત્તહિય્યાત સંભળાવો, એટલા માટે હું પણ આખી સંભળાવીશ નહીં. અત્તહિય્યાતનું અંતિમ જે વાક્ય છે એને હું સંભળાવું છું :–

**اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ** ''સલામ થાય આપના પર હે નબી ! અને અલ્લાહની રહમત અને બરકતો.'' તશહ્હુદ પઢવી વાજિબ છે. હદીષોથી તો હુઝૂર صلی اللہ علیہ وسلمને નમાઝમાં સલામ કરવું પણ વાજિબ થઈ ગયું. હવે જો કોઈ દિલ લગાડીને નમાઝ પઢે છે તો યકીનન ! બારગાહે રિસાલતમાં આ સલામ પેશ કરતી વખતે તેના દિલમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખયાલ આવશે. અમે એ લોકોની વાત નથી કરતા જેમનું શરીર મસ્જિદમાં રહે

છે અને ખયાલ તથા દિમાગ ક્યાંક અન્ય ઠેકાણે રહે છે, અમે એ લોકોની વાત કરીએ છીએ જેઓ દિલ લગાડીને નમાઝ અદા કરે છે, તો જ્યારે હુઝૂર ﷺનો ખયાલ દિલમાં આવશે તો તા'ઝીમની સાથે આવશે. અમે મુસલમાનોની વાત કરીએ છીએ, મુસલમાનના દિલમાં ખયાલ આવશે તો તા'ઝીમની સાથે આવશે. તો મુસલમાન નમાઝ પણ પઢી રહ્યો છે અને નબી ﷺને સલામ મોકલીને નબીનો ખયાલ પણ દિલમાં તા'ઝીમની સાથે લાવી રહ્યો છે. અને આખી દુનિયાના મુસલમાનોના દિલમાં હુઝૂર ﷺનો ખયાલ તા'ઝીમની એ વખતે આવે છે જ્યારે તે પોતાના નબી ﷺને સલામ અર્ઝ કરે છે : **اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ** હવે તે વહાબીઓ તથા દેવબંદીઓને પૂછો કે તમે લોકો બુખારી અને મુસ્લિમ શરીફની આ હદીષના પ્રમાણે અત્તહિય્યાત પઢો છો કે નહીં ? અને પઢો છો તો પોતાના નબી પર સલામ મોકલો છો કે નહીં ?! અને મોકલો છો તો ખયાલ આવે છે કે નહીં ? ખયાલ આવે છે તો તા'ઝીમની સાથે કે તૌહીનની સાથે ? જો કહે કે તૌહીનની સાથે ! (મઆઝલ્લાહ !) તો ગયા ! આખી દુનિયાના મુસલમાન શહાદત (ગવાહી) આપશે કે ગયા ! ક્યાં ગયા ? જહન્નમમાં ! ક્યાં ગયા ? ઈસ્લામથી. અને જો કહે કે તા'ઝીમની સાથે. તો એમના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી) કહે છે કે મારા ત્યાં તમારું સ્થાન નથી !

તો વહાબી જમાઅત તથા દેવબંદી જમાઅતના ભોળાભાળા લોકો ! સાંભળો ! તમારો ઈમામ જ તમારો સાથ છોડી આપશે, જો તમે હદીષ પર અમલ કરી લીધો તો. આ લોકો કહેવા પૂરતા તો કહે છે કે અમે અહલે હદીષ છીએ, પણ હદીષ પર રજ માત્ર





પણ તેમનો અમલ નથી જોવા મળતો. જો અમલ છે તો અત્તહિય્યાત પઢતી વખતે હુઝૂર પર અદબ તથા તા'ઝીમના સાથે સલામ મોકલે.

સારું, અહીં એક ચીજ અધિક સમજમાં આવી. સલામ કોને કરવામાં આવે છે, મુડદાંઓને ? કેમ ? સમજમાં આવી વાત ? અહીં તે લોકો કહી શકે છે કે હા ! ભાઈ મુડદાંઓને પણ સલામ કરવામાં આવે છે. જે મુસલમાન ક઼બ્રસ્તાનમાં દફન છે, અમને હુકમ છે કે જ્યારે ત્યાં જાય તો કહે : **اَلسَّلَامُ عَلَيْكُمْ يَا اَهْلَ الْقُبُوْرِ** તો ત્યાં મુડદાંઓને સલામ કરી ? અમે કહીશું કે જે મુડદાં છે તે તો શરીર છે અને તમે જેને સલામ કરી રહ્યા છો તે રૂહ છે, અને રૂહ ઝિંદા છે. મુડદાને ક્યાં સલામ કરી ? સારું, કોઈ હૈસિયતથી તે મુર્દા છે કેમ કે શરીર મુર્દા છે જો કે રૂહ જીવંત છે. તો ત્યાં જશો ત્યારે સલામ કરશો ને ! અને આપણે મુસલમાન ચાહે મદીના શરીફ હુઝૂર ﷺના રોઝા પર જઈએ ચાહે ન જઈએ, આપણે જ્યાં રહીએ છીએ ત્યાંથી સલામ અર્ઝ કરીએ છીએ. અને હદીષનો હુકમ એ જ છે, જ્યારે **નમાઝ પઢો તો ખાસ કરીને પોતાના નબીને જરૂર સલામ કરો.** તો આ સલામ એને જ કરવામાં આવશે જે જીવંત હોય. સારું ભાઈ ! તમે સૌ લોકો જીવંત છો અને અમે માની લો કે એક ફરલાંગ દૂરી પર ચાલ્યા જઈએ અને ત્યાં કહીએ, ભાઈઓ ! અસ્સલામુ અલૈકુમ ! તો એ સહીહ થશે ? કેમ સહીહ નહીં થાય ? જ્યારે તમે લોકો સાંભળતા જ નથી અને જ્યારે તમે લોકો જવાબ જ નહીં આપો, અને જ્યારે અમે તમને લોકોને જોઈશું જ નહીં તો સલામ કેવી રીતે કરીશું ? માણસ સલામ તેને કરે છે જેને જુએ. કમસે કમ એટલું તો જાણો કે અમે જેને સલામ કરી

રહ્યા છીએ તે અમને જોઈ રહેલ છે, અથવા અમારા સલામને સાંભળી રહેલ છે, તે જીવંત છે. તો નમાઝમાં **السَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ** પઢવાનો હુકમ આપીને સરકાર علیہ الصلوٰۃ والسلامએ એ વાતનો નિર્દેશ આપી દીધો છે કે હે મારા ઉમ્મતીઓ ! તમો મને સલામ કરતા રહેજો, એવું ન સમજશો કે હું તમારાથી દૂર છું આ રીતે આ હદીષથી સાબિત થાય છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ઝિંદા છે અને આપણાથી નજીક છે, અને આપણા સલામને સાંભળે છે. (શેઅર) :–

*તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !*
*મેરી ચશ્મે આલમ સે છૂપ જાને વાલે*

કુર્આન પાકનો હુકમ છે કે નમાઝમાં કા'બા શરીફની તરફ ચહેરો કરવો ફર્ઝ છે, તો આ નમાઝમાં કા'બા શરીફની તા'ઝીમ થઈ કે નહીં ? જરૂર તા'ઝીમ થાય છે. તો નમાઝ પણ થઈ રહી છે અને નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ પણ થઈ રહી છે. એના માટે સાબિતી આપવાની જરૂર નથી. સૂરએ બક્રહ પઢી લો એમાં પૂરી આયત મૌજૂદ છે. જો નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ શિર્ક હોય તો આખા જગતના મુસલમાન મુશ્રિક થશે ! અને વહાબીઓ પોતાના સિવાય સર્વ મુસલમાનોને મુશ્રિક સમજે પણ છે.

સારું ભાઈ ! જો શિર્ક છે તો તમારા મઝહબમાં ! તો એવું કરો કે અમે લોકો કિ઼બ્લાની તરફ મોઢું કરીને નમાઝ પઢીએ છીએ, તમે કોઈ બીજી બાજુ મોઢું કરીને નમાઝ પઢો. એ જ હોવું જોઈએ ને ! અમે લોકો કિ઼બ્લાની તરફ મોઢું કરીને નમાઝ પઢી રહ્યા છીએ, તમે લોકો પૂર્વની તરફ મોઢું કરીને નમાઝ પઢજો, દક્ષિણ બાજુ મોં કરીને નમાઝ પઢજો, ઉત્તર દિશામાં મોં કરીને નમાઝ પઢજો, અમારા કિ઼બ્લાને છોડી દો ! શા માટે એવું કામ કરો છો





જેનાથી નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ થાય ? કે જે તમારા મઝહબમાં શિર્ક છે !

એકવારનો બનાવ છે કે સરકાર علیہ الصلوٰۃ والسلام પોતાના હુજરા (રૂમ)માંથી નીકળ્યા તો જોયું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ નમાઝના માટે ઊભા થઈ ગયા અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તકબીર કહેવા લાગ્યા. તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ મના ફર્માવ્યું : **لَا تَقُوْمُوْا حَتّٰى تَرَوْنِی** મુસ્લિમ શરીફની સહીહ હદીષ છે કે જ્યાં સુધી તમે લોકો મને જોઈ ન લો કે હું બહાર આવી રહ્યો છું નમાઝની માટે ત્યાં સુધી તમે લોકો ઊભા ન થશો. આ (વહાબી) લોકો કહે છે કે, નહીં ! પહેલેથી જ ઊભા રહો ! જાણો છે એમાં હિકમત શું છે ? હું આજે એ હિકમતને ટૂંકાણમાં સમજાવીશ. ઈન્શાઅલ્લાહુ તઆલા ! સરકાર علیہ الصلوٰۃ والسلامએ શા માટે ફર્માવ્યું હતું : **لَا تَقُوْمُوْا حَتّٰى تَرَوْنِی** નમાઝના માટે ઊભા ન થશો જ્યાં સુધી મને જોઈ ન લો કે હું જમાઅત ક઼ાયમ કરવા માટે બહાર આવી રહ્યો છું. એટલા માટે કે એમાં હિકમત છે, એક રાઝ છે. સરકાર علیہ الصلوٰۃ والسلامએ એ રાઝની તરફ નિર્દેશ કરી આપ્યો છે. સમજનારા સમજે છે કે જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم હુજરાની બહાર મસ્જિદમાં આવશે તો તેમને જોઈને લોકો ઊભા થશે. તો ઊભા થશે નમાઝના માટે અને તા'ઝીમ થશે મુસ્તફા જાને રહમત صلی اللہ علیہ وسلمની. વહાબીઓ દેવબંદીઓને હુઝૂર صلی اللہ علیہ وسلمની તા'ઝીમ એક પલ માટે માન્ય જ નથી એટલા માટે કહે છે કે અમે શરૂથી જ ઊભા રહીશું. પણ હે સુન્ની મુસલમાનો ! તમોએ શું કરવાનું છે ? તમારે એ જ કરવાનું છે જે અમારા મુબલ્લિગો બતાવી રહ્યા છે, જે આપણા ઈમામ, ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બતાવ્યું, જે

આપણા ફક઼ીહોએ બતાવ્યું કે પ્રથમ બેઠા રહે, જ્યારે ઊભા થવાનો સમય આવે ત્યારે ઊભા થાવ. એ તે જ સમય છે જે સમયે સરકાર علیہ الصلوٰۃ والسلامએ ઊભા થવાનો હુકમ આપ્યો હતો.

સારાંશ કે એમના જેટલા અક઼ીદા છે કોઈ પણ અક઼ીદાની સાબિતી ન કુર્આને પાકથી છે ન હદીષે રસૂલુલ્લાહ ﷺથી છે અને ન તો ઉમ્મતથી. ન તે હુઝૂર ﷺનો મઝહબ છે, ન સહાબાનો મઝહબ છે. અને અલ્હમ્દુલિલ્લાહ ! આપણા જેટલા અક઼ીદા છે એ સર્વ તે જ અક઼ીદાઓ છે જે સહાબાથી સાબિત છે અને રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે. તો **ما انا علیہ واصحابی** એટલે અહલે સુન્નત વ જમાઅત કોણ ? આપણે ! તોત્તેરમાં એક કોણ ? આપણે ! અને બાક઼ી બોત્તેરમાં કોણ ? તેઓ ! વહાબી, દેવબંદી ! અને વહાબી, દેવબંદીથી મુરાદ તે લોકો છે જેઓ અક઼ીદાના લેહાઝથી વહાબી તથા દેવબંદી છે. બાકી જે ભોળા ભાળા લોકો જેઓ ભટકીને એમના તરફ ચાલી ગયા છે તેઓને અમે આ ઈજલાસથી નબી પાક ﷺની હદીષોના હવાલાથી દા'વત આપીએ છીએ કે જો તમો હક્ક઼ને સમજી ગયા છો તો આવો ! આજે જ તૌબા કરીને અહલે સુન્નત વ જમાઅતમાં સામેલ થઈ જાવ, અને કાંઈ પણ શંકા હોય તો અમારા મુબલ્લિગો છે, અમે છીએ, તમને સમજાવીશું. અલ્લાહ અમને, તમને સૌને સારી તૌફીક઼ આપે. આપણે અહલે હક્ક઼ તોત્તેરમાંથી એક છીએ, આપણે અહલે સુન્નત વ જમાઅત છીએ. વહાબી, દેવબંદી, ક઼ાદયાની, ચકડાલ્વી વગેરે એઓ સૌ એ બોત્તેર ફિર્ક઼ામાંથી છે જેમને સરકાર علیہ الصلوٰۃ والسلامએ જહન્નમી કહ્યા છે. જન્નતી ફિર્ક઼ો કેવળ એક **ما انا علیہ واصحابی** એટલે આપણે સુન્નત વ જમાઅત છીએ. **وآخر دعوانا ان الحمد للہ رب العالمین**



# ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02

*C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર ﷺના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૨૨૭** મદ્રસા–મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્ક઼ાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

## આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

- ★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.
- ★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ–મદ્રસા બંધાવી આપીને.
- ★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.
- ★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો.

*–લિ. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા*

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| તોહફાએ નજાત *(ભાગ-૫, શાને રિસાલત ﷺ વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૬, સહાબીઓની કુર્બાનીઓ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૯, મૌત તથા કફન દફન વિશે)* | ૬૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૦, વાજિંત્રો હરામ હોવા વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૧, તાઝીયાદારી હરામ હોવા વિશે)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૨, તા'ઝીમી સિજદો હરામ)* | ૫૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૩, ઈલ્મે ગયબ વિશે)* | |
| તોહફાએ નજાત *(ભાગ-૧૪, હાઝિર નાઝિર વિશે)* | ૬૦ |
| તોહફાએ નજાત *(ભાગ-૧૫, ફઝાઈલે નમાઝ)* | ૫૦ |
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૩)* | ૫૦ |
| રહનુમાએ હક્ક *(વહાબીની રદમાં)* | ૫૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબ ﷺની શાન) | ૫૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** *(ભાગ : ૧, ૨) (રૂા. ૧૫૦ + ૧૮૦)* | ૩૫૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૫) } *(એક સેટના કુલ)* | |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૬) } | ૩૦૦ |
| મુકાશફતુલ કુલૂબ (ગુજરાતીમાં, ભાગ-૧) | ૮૦ |
| મુકાશફતુલ કુલૂબ *(ગુજરાતીમાં, ભાગ-૨)* | ૭૦ |



| | |
|---|---|
| જન્નતી ઝેવર *(બહેનો માટે ખાસ)* | ૧૩૫ |
| ફિક્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| મશીની ઝબીહા | ૧૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિ□ના વિવિધ ગૃપના.....દષ્ટિએ | ૨૫ |
| સુન્ની-દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૨૦ |
| ઝલ્ઝલા | ૫૦ |
| અન્વારુલ્ હદીષ *(૫૫૪ હદીષો અને ૪૭૪ મસાઈલ)* | ૫૦ |
| અરબીમાં જુમ્આ તથા ઈદૈનના ખુત્બા | ૩૦ |
| કાદયાનીને ઓળખો | ૦૫ |
| **મામૂલાતે હરમૈન** : હજ્જ શા માટે કરશો ? + } *(એક સેટના કુલ)* | |
| + હજ્જ કેવી રીતે કરશો ? આદાબે મદીના | ૧૦૦ |
| હક્ક તથા નાહક્કની પેહચાન | ૨૦ |
| વાલિદૈને મુસ્તફા ﷺ જન્નતી | ૦૫ |
| ફાતેહા તથા ઈસાલે સવાબ હદીષોની રોશનીમાં | ૦૫ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| નબી ﷺનો ઈલ્મે ગયબ કુર્આનની રોશનીમાં | ૦૫ |
| મિસ્બાહુલ ઉમરા | ૦૫ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ | ૦૫ |
| તલાક વિશે સમજૂતી તથા અન્ય મસાઈલ | ૦૫ |
| સામાજિક ઝઘડા અને ઈસ્લામિક તા'લીમાત | ૦૫ |
| સૂફીઈઝમની હકીકત્ અને તેના પર વાંધા અને જવાબો | ૦૫ |
| નબી પાક ﷺના શરીરનો પડછાયો ન હતો | ૦૫ |
| અલ્લાહ પાકની નેઅમત આંખ | ૦૫ |
| વર્તમાન કવ્વાલી તથા તેના મુકાબલા | ૦૫ |
| ઝકાતના અર્વાચીન મસાઈલ | ૦૫ |

| | |
|---|---|
| ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર | ૦૫ |
| બદ્ અકીદગીથી બચો | ૦૫ |
| શું ખુદા જૂઠુ બોલી શકે છે ?! | ૦૫ |
| ચાંદની સાબિતીના સાત તરીક઼ા | ૦૫ |
| ખુલફાએ રાશિદીન અને ઈસ્લામી અખ્લાકનું બંધારણ | ૦૫ |
| ચાલીસ રબ્બના યા'ની કુર્આની દુઆઓ | ૦૫ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |

**★ અન્ય સંસ્થાની કિતાબો ★**

| | |
|---|---|
| મર્દાને અરબ (ભાગ : ૧ + ૨) | ૩૦૦ |
| બરકાતે શરીઅત–ઉર્દૂ *(ભાગ–૧, ૨, ૩)* મુકમ્મલ | ૧૫૦ |
| બરકાતે શરીઅત–હિંદી મુકમ્મલ | ૧૫૦ |
| કાનૂને શરીઅત *(ભાગ –૧)* | ૫૦ |
| કાનૂને શરીઅત *(ભાગ–૨)* | ૬૦ |
| મિન્હાજુલ આબેદીન | ૧૦૦ |
| ખુત્બાતે નૂરી *(ભાગ–૧)* | ૨૦ |
| મારેહરા અને બરૈલીનો અતૂટ રૂહાની રિશ્તો | ૧૫ |
| ઝિના ગુનાહે કબીરા | ૦૫ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફનો ગુજરાતી તર્જુમો–તફસીર) | ૩૫૦ |
| નિકાહ રજીસ્ટર *(ફોર કલરમાંઉ કોપીમાં)* | ૨૦૦ |
| નૂરાની તા'લીમાત *(દુઆ, સૂરતો પોકેટ સાઈઝ)* | ૧૫ |
| તા'લીમાતે જાને ઈમાન *(અક઼ીદાની તાલીમ તલબા માટે)* | ૧૦ |
| નિઝામુલ ક઼િરાઅત *(તજવીદની તા'લીમ માટે)* | ૦૫ |
| ગૌષિયહ્ તકવીમ *(ફોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૧૨૫ |
| ગૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ, ચાર્ટ અથવા પોકેટ)* | ૧૦ |
| **Barkat-e-Shariat (Part : 1, 2, 3)** | **200** |
| **Noorani Talim (Set) ( 2 to 5 Part)** | **100** |
| **Anwarul Hadith (554-Hadiths)** | **150** |



## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

**GRWB/059/Bharuch/02** *C/o.* ફયૂઝાને રઝા
મંઝિલ, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી આપની આ પ્યારી સંસ્થાએ નાની મોટી કુલ **૧૮૩** કિતાબો ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફ્ત** પહોંચાડી છે અને સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય કુર્આન, હદીષ, અકવાલથી ભરપૂર દલીલ સભર સાહિત્ય અક઼ીદાની મજબૂતી તથા અમલી ઈસ્લાહ માટે પ્રકાશિત કરવાનું કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે.

- ★ **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.
- ★ **મર્હૂમોના સવાબ અર્થે કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** અથવા જે બને તે રીતે સહાયરૂપ થઈ શકો છો
- ★ આપની **ઝકાત, સદક઼ા, ફ઼િત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.
- ★ **રૂપિયા ત્રણસો (રૂા. ૩૦૦/–) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.
- ★ કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.
- ★ **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના** પર **અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.